સુવિચાર
કામથી બચવાનો, છટકવાનો કે બીજા પર ઢોળી દેવાનો અભિગમ કે આળસગીરીથી વ્યકિત પોતાને સૌથી વધુ નુકસાન કરતી હોય છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨–૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૨/૦૯/૨૦૨૩, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ ભાદરવા સુદ-૭ વર્ષ : ૧૫ અંક : ૨૩૪

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

અસહ્ય બફારા બાદ મેઘરાજાનું ધમાકેદાર આગમન

અમરેલી જિલ્લામાં અનેક વિસ્તારોમાં દે ધનાધન

જિલ્લાનાં મુખ્ય મથક અમરેલીમાં બપોર અને મોડી સાંજે જોરદાર ઝાંપટુ પડતા અર્ધાથી પોણો ઈંચ વરસાદ

ખાંભા પંથકમાં લાંબા સમય બાદ દોઢ ઈંચ વરસાદ પડી જતાં પાણી ભરાયા

જિલ્લામાં છેલ્લા ૩-૪ દિવસથી ક્યાંક ધીમીધારે તો ક્યાંક મુશળધાર વરસાદ પડી રહ્યો છે

વાતાવરણમાં હજુ પણ ઉકળાટનો માહોલ હોય વધુ વરસાદ પડવાનાં એંધાણ

અમરેલી, તા. ૨૧

અમરેલી જિલ્લામાં છેલ્લા ત્રણ–ચાર દિવસથી કયાંકને કયાંક વરસાદ પડી રહ્યો છે. ત્યારે આજે સવારે જિલ્લાના ગીરકાંઠા તરીકે ઓળખાતા ખાંભા ગીરના ગ્રામીણ પંથકમાં વરસાદ શરૂ થયો હતો તો બપોરના સમયે અમરેલી તથા સાવરકુંડલા, કુંકાવાવ સહિતના વિસ્તારોમાં વરસાદ વરસી જતા ખેતરોમાં લહેરાતી મોલાત ઉપર વરસાદ કાચા સોના સમાન હોય ખેડૂતોમાં હરખની હેલી જોવા મળી રહી છે.

અમરેલી જિલ્લાનાં અમરેલી, રાજુલા, જાફરાબાદ, બગસરા, વડીયા સહિતના વિસ્તારોમાં છેલ્લા ત્રણ–ચાર દિવસથી કયાંકને કયાંક વરસાદ પડી રહ્યો છે. ત્યારે આજે સવારે અસહ્ય ઉકળાટ બાદ ધોધમાર વરસાદનું આગમન થતાં જિલ્લાના ગીરકાંઠા તરીકે ઓળખાતા ખાંભા ગીરના ગ્રામીણ, ખાંભા ગીરના નાનુડી, ઉમરીયા, તાતણીયા તથા આજુબાજુ સહિતના ગામડાઓમાં તથા બપોરના સમયે અમરેલી તથા સાવરકુંડલા, કુંકાવાવ પંથકમાં વરસાદ શરૂ થયો હતો. ત્યારે વરસાદ ખેતરોમાં લહેરાતી મોલાત ઉપર કાચા સોના સમાન હોય ખેડૂતોમાં હરખની હેલી જોવા મળી રહી છે. સાંજે ૬ વાગ્યા સુધીમાં ખાંભામાં ૩૮ મી.મી.,

અનુસંધાન પાના ૬ ઉપર

મહુવા–બાંદ્રા ટ્રેઈન પસાર થઈ રહી હોય દુર્ઘટના ઘટી

સાવરકુંડલાનાં જીરા–ખડકાળા નજીક મુસાફર ટ્રેઈન હડફેટે આવી જવાથી સિંહણ ઈજાગ્રસ્ત

સિંહણને પીઠ અને પગનાં ભાગે ઈજા : અર્ધી કલાક માટે ટ્રેઈન વ્યવહાર બંધ રહ્યો

અમરેલી, તા. ૨૧

અમરેલી જિલ્લામાં વસવાટ કરતાં રાનીપશુઓ કોઈને કોઈ બાબતે અકસ્માતનો ભોગ બની રહ્યા છે અને સૌથી વધુ તકલીફ ટ્રેઈનને લઈને થઈ રહી છે. અવાર–નવાર ટ્રેઈન નીચે આવી જવાથી સિંહ, સિંહણ કે દીપડા મોતને ભેટે અથવા ઈજાગ્રસ્ત બનતા હોય છે.



દરમિયાનમાં આજે મોડી સાંજે સાવરકુંડલાનાં જીરા–ખડકાલા વચ્ચે પસાર થઈ રહેલ મહુવા–બાંદ્ર રૂટની ટ્રેઈનની હડફેટે આવી જવાથી એક સિંહણને પીઠ અને પગનાં ભાગે ગંભીર ઈજા થયાનું જાણવા મળેલ છે.

અત્યંત આધારભુત વર્તુળોમાંથી જાણવા મળતી વિગતો મુજબ સિંહણનું સારવાર દરમિયાન મોત થયેલ છે.

જો કે વન વિભાગ ધ્વારા આ લખાય છે ત્યાં સુધીમાં સિંહનાં મોત અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી

સાવરકુંડલામાં સૂર્યોદયનો અનેરો નજારો

તસ્વીર : પ્રતાપભાઈ ખુમાણ–સાવરકુંડલા

સાવરકુંડલામાં સવારે ૫:૩૦ કલાકે આકાશમાં સૂરજદાદા ધીમે ધીમે દર્શન દેવા ક્ષિતિજમાં ઉપર આવી રહ્યાં હતા અને તેમનાં સ્વાગતમાં જાણે કુદરતે કુદરતે રંગોના છાંટણા કર્યા હોય તેવું અતિ સુંદર મનમોહક ચિત્ર જોવા મળ્યું ને મેં તમારા બધા માટે મારા કેમેરામાં કેદ કરી લીધી આ ક્ષણો ને...!!

આકર્ષક પગારથી તાત્કાલીક જોઈએ છે
હોસ્પિટલ મેનેજર | હોસ્પિટલ એડમીન
લાયકાત : ગ્રેજ્યુએટ (ફકત પુરૂષ ઉમેદવારો)
RESUME સાથે નીચેના સરનામા પર રૂબરૂ સંપર્ક કરવો.
સમય : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦ સાંજે : ૫:૦૦ થી ૮:૦૦
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ
ચિતલ રોડ, દત્ત મંદિર પાસે, અમરેલી. મો.નં. ૯૯૭૮૯ ૬૬૬૨૯, ફોન : (૦૨૭૯૨) ૨૨૩૩૧૬

હાર્દિક અભિનંદન
શ્રી જયેશભાઈ નાકરાણી
ચેરમેન
શ્રી ભાવીનભાઈ સોજીત્રા
વા.ચેરમેન
શ્રી શૈલેષભાઈ સંઘાણી
મેનેજીંગ ડિરેકટરશ્રી
શ્રી પી.પી. સોજીત્રા
સ્વપ્નદ્રષ્ટા
નાગરિક સહકારી બેંક
અમરેલી
શ્રી ચેતનભાઈ રાવળ
(એડવોકેટ) ડિરેકટરશ્રી
શ્રી જનકભાઈ પિંછીયા
ડિરેકટરશ્રી
શ્રી કમલેશભાઈ ગરણીયા
ડિરેકટરશ્રી
અમરેલી નાગરિક સહકારી બેન્કનાં ચેરમેન તરીકે શ્રી જયેશભાઈ નાકરાણી, વા. ચેરમેન તરીકે શ્રી ભાવીનભાઈ સોજીત્રા, એમ.ડી. તરીકે શ્રી શૈલેષભાઈ સંઘાણી તેમજ ડાયરેકટર તરીકે શ્રી જનકભાઈ પિંછીયા, શ્રી કમલેશભાઈ ગરણીયા, શ્રી ચેતનભાઈ રાવળની નિમણુંક થતા અમો હર્ષ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ અને આપ સર્વો રાજકીય અને સહકારી ક્ષેત્રે અવિરત પ્રગતિ કરતા રહો તેવી હાર્દિક શુભકામનાઓ...
: શુભેચ્છક :
શ્રી ઉદયન ત્રિવેદી (એડવોકેટ)
ચેરમેન : નોટરી એસોસીએશન (સૌરાષ્ટ્ર ઝોન)
શ્રી હરનીલ ત્રિવેદી (એડવોકેટ)
શ્રી જયેશ પી. ત્રિવેદી (એડવોકેટ)
શ્રી આશિષ જયંતિભાઈ રાવળ
અમરેલી

ડૉ. પિયુષ વી. ગોસાઈ
(એમ.ડી.) ગાયનેક
પ્રસુતિ તથા સ્ત્રીરોગ નિષ્ણાંત
શ્રીજી વુમન્સ હોસ્પિટલ તથા સોનોગ્રાફી સેન્ટર
સુખનાથપરા, હિરામોતી ચોક, શ્રીજી ટાવર સામે,
લીલીયા રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૦૯૬ મો. ૭૦૧૬૧૧૨૪૦૬
ઓપીડી સમય : સવારે ૧૦ થી ૨ સાંજે ૬ થી ૮
સોમવાર થી શનિવાર...
ઉપલબ્ધ સુવિધાઓ : સગર્ભા સ્ત્રીઓની નિયમિત તપાસ (ANC) ▪ પ્રસુતિ પછીની તપાસ (PNC) ▪ નોર્મલ ડીલેવરી ▪ સીઝેરીયન ડીલેવરી ▪ કોપર ટી સરકાર માન્ય કુટુંબ નિયોજનનું ઓપરેશન ▪ સરકાર માન્ય ગર્ભપાત (MTP) કેન્દ્ર ▪ સોનોગ્રાફી સેન્ટર (કલર ડોપ્લર તથા 3D/4D સોનોગ્રાફી) ▪ ગર્ભાશયનાં તમામ રોગોની તપાસ તથા સારવાર ▪ ગર્ભાશયનું ટાંકાવાળુ/ટાંકા વગરનું ઓપરેશન ▪ ગર્ભાશયનાં મુખનાં કેન્સરની તપાસ (પેપ્સ સ્મીયર) ▪ IUI ફેસીલીટી ▪ IVF માટે સલાહ.

જોઈએ છે
પેટ્રોલપંપ પર કામ કરી શકે તેવા ભાઈઓ/બહેનો આકર્ષક પગારથી જોઈએ છે
શ્રી ક્રિષ્ના પેટ્રોલ પંપ
HP પેટ્રોલ પંપ, માણેકપરા, અમરેલી.

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી.
(૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૬૦૨

શહેરની પાલિકા હસ્તકની તમામ પ્રાથમિક શાળાઓનું ગણિત–વિજ્ઞાન પ્રદર્શન યોજાયું

અમરેલી ખાતે નગર શિક્ષણ સમિતિ દ્વારા ''મૈ ભી વૈજ્ઞાનિક'' કાર્યક્રમ યોજાયો

પાંચ નિરાધાર બાળકોને યુવા આઈકોન મુકેશ સંઘાણીનાં હસ્તે શાળામાં પ્રવેશ અપાયો

પ્રાથમિક શાળાનાં બાળકોએ એકાવન જેટલી કૃતિઓ રજૂ કરીને ઉત્સાહ દર્શાવ્યો

પાલિકા પ્રમુખ તેમજ ભાજપનાં આગેવાનોએ ઉપસ્થિત રહીને બાળકોને પ્રોત્સાહિત કર્યા

કાર્યક્રમને સફળ બનાવવા શિક્ષણ સમિતિનાં ચેરમેન તુષાર જોષીનાં માર્ગદર્શનતળે સમિતિનાં સદસ્યોએ ભારે જહેમત ઉઠાવી

અમરેલી, તા. ૨૧

અમરેલી શહેરમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમરેલી ધ્વારા હર હંમેશ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે કાર્યરત રહે છે. જેમાં અમરેલીમાં સૌ પ્રથમવાર વિદ્યાર્થીઓમાં ગણિત/વિજ્ઞાન પ્રત્યે રૂચી વધે એ માટે કાર્યક્રમ ''મૈ ભી વૈજ્ઞાનિક'' કાર્યક્રમ લોન્ચ કરવામાં આવ્યો. પ્રથમ વખત મૈ ભી વૈજ્ઞાનિક અંતર્ગત સૌ પ્રથમવાર બાળકો જાતે પ્રયોગ કરી શકે એવી ગણિત/વિજ્ઞાન લેબની શરૂઆત કરવામાં આવી, વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવાય, વિજ્ઞાન પ્રત્યે જાગૃત બને, ગણિત જેવા વિષયોમાં કૌશલ્ય કેળવી ગણિત/વિજ્ઞાન વિષય રસપ્રદ બની રહે તેમજ વિદ્યાર્થીઓ આવતીકાલના ભારતના વિકાસ માટે અત્યારથી જ વૈજ્ઞાનિક મુલ્યો તેમજ નવીન પ્રવાહોથી વાકેફ થાય, નવી શોધ નવા વિચારથી જન્મે આ વાકયને સાર્થક વિદ્યાર્થીઓના સક્રિયફ ભાગીદારીથી શકય બનાવવા વર્ષ–૨૦૨૩માં સૌ પ્રથમવાર સમિતિ હસ્તકની તમામ શાળાઓનું ગણિત/વિજ્ઞાન પ્રદર્શન–૨૦૨૩ એટલે ''મૈ ભી વૈજ્ઞાનિક'' તા. ૧૮/૯/૨૩નાં રોજ ''ટી.પી. ગાંધી અને શ્રી એમ.ટી. ગાંધી સ્કૂલ કેમ્પસ (મ્યુ.ગર્લ્સ સ્કૂલ) અમરેલી'' ખાતે ઉજવણી કરવામાં આવેલ. સવારે ૧૦:૩૦ કલાકે શાળાના વિદ્યાર્થીના હસ્તે રીબીન કાપી આ પ્રદર્શનને ખુલ્લું મુકવામાં આવ્યું. આ પ્રદર્શનમાં નગર પ્રાથમિક શિક્ષિણ સમિતિની શાળાઓનાં વિદ્યાર્થીઓ ધ્વારા ૫૧ જેટલી કૃતિઓ રજૂ કરવામાં આવી જેમાં વિભાગ–૧, વિભાગ–૨ માં વિજ્ઞાનની કૃતિઓનો સમાવેશ કરવામાં આવ્યો તેમજ વિભાગ–૩માં ગણિતની કૃતિઓનો સમાવેશ કરવામાં આવ્યો.

આ ગણિત–વિજ્ઞાન પ્રદર્શનનું સમાપન ૩:૦૦ કલાકે અમર ડેરીનાં વાઈસ ચેરમેન મુકેશભાઈ સંઘાણીના અધ્યક્ષ સ્થાને રાખવામાં આવેલ. જેમાં મુકેશભાઈ સંઘાણી ધ્વારા દરેક કૃતિને શાંતિથી નિહાળી કૃતિ અંગે બાળ વૈજ્ઞાનિકો સાથે ચર્ચા કરી હતી. સમાપન સમારોહમાં નગરપાલિકાનાં નવનિયુકત પ્રમુખ બીપીનભાઈ લીંબાણી, અમરેલી શહેર ભાજપ પ્રમુખ ભાવેશભાઈ સોઢા, નગરપાલિકા કારોબારી ચેરમેન મનીષભાઈ ધરજીયા, નગરપાલિકા શાસકપક્ષના નેતા શ્રીમતી શીતલબેન ઠાકર, નગરપાલિકા દંડક દીલાભાઈ વાળા, શહેર ભાજપ મહામંત્રી રાજેશભાઈ માંગરોળીયા, જિલ્લા શિક્ષણાધિકારી કે.વી. મિયાણી, ડાયટનાં પ્રાચાર્ય દક્ષાબેન, નાયબ જિલ્લા શિક્ષણાધિકારી લતાબેન ઉપાધ્યાય, જિલ્લા નાયબ પ્રાથમિક શિક્ષણાધિકારી જી.એમ. સોલંકી, માધ્યમિક આચાર્ય સંઘના મહામંત્રી મુકુંદભાઈ મહેતા, ચેમ્બર ઓફ કોમર્સ અમરેલીનાં પ્રમુખ ભગીરથભાઈ ત્રિવેદી, સદસ્ય સન્નીભાઈ ડાબસરા, અલ્કાબેન ગોંડલીયા, અનિલભાઈ રાધનપરાના હસ્તે દિપ પ્રાગટય કરવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં બાળ વૈજ્ઞાનિકોને શિલ્ડ અને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા. જે કૃતિનો પ્રથમ, દ્વિતિય, તૃતિય ક્રમ મેળવેલ તે બાલ વૈજ્ઞાનિકોને ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડળ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

આ સમારોહમાં ડો. ખૂંટ, અમીનભાઈ હોથ, રફીકભાઈ કાદરભાઈને મળી આવેલ ૫ નિરાધાર બાળકોને મુકેશભાઈ સંઘાણીનાં હસ્તે શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો તેમજ ડો. ખૂંટ, અમીનભાઈ હોથ, રફીકભાઈ કાદરભાને મુકેશભાઈ સંઘાણીના હસ્તે હાર પહેરાવી ઉમદા કાર્ય બદલ સન્માનિત કરવામાં આવ્યા. મુકેશભાઈ સંઘાણી ધ્વારા આ નિરાધાર પાંચ બાળકો જયાં સુધી અભ્યાસ કરશે ત્યાં સુધી તેમનો તમામ ખર્ચો અને તેમના અભ્યાસની જવાબદારી સારહિ યુથ કલબ ઉપાડશે તેમજ શિક્ષકો અને સમિતિના વિદ્યાર્થીઓને પોતાના વ્યકતવ્યમાં બાળકોની આંતરિક શકિતઓ અને ગુણો ખીલે તે માટે આ પ્રકારના કાર્યક્રમોનું સમયાંતરે આયોજન થતું રહે અને આવા આયોજનમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ વધુ ભાગ લે અને વધુ પ્રગતિ કરે તે અંગે માર્ગદર્શન સાથે પ્રોત્સાહન આપવામાં આવ્યું.

આ કાર્યક્રમને સફળ બનાવવા ચેરમેન તુષાર જોષી, વાઈસ ચેરમેન દામજી ગોલ, શાસનાધિકારી આશિષભાઈ જોષી, સમિતિના સભ્યો, આચાર્યો, ગણિત–વિજ્ઞાન શિક્ષકો તેમજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની ટીમ ધ્વારા સફળ આયોજન કરવામાં આવેલ છે. તેમ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની યાદી જણાવે છે.

આમ આદમી પાર્ટીએ આવેદનપત્ર પાઠવ્યું

અમરેલી જિલ્લા સહિત સમગ્ર સૌરાષ્ટ્રને દુષ્કાળગ્રસ્ત જાહેર કરી કિસાન સહાય ચૂકવો

જગતાત ગણાતા ખેડૂતો મુશ્કેલીમાં હોય મદદ જરૂરી

અમરેલી, તા. ૨૧

અમરેલી ખાતે આમ આદમી પાર્ટી દ્વારા આવેદનપત્ર પાઠવવામાં આવેલ.

આવેદનપત્રમાં જણાવેલ છે કે મુખ્યમંત્રી કિસાન સહાય યોજના હેઠળ અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ અને કમોસમી વરસાદનાં કિસ્સામાં અસરગ્રસ્ત વિસ્તારોમાં સહાય મળવા પાત્ર હોય છે. જેમાં અનાવૃષ્ટિનાં કિસ્સામાં નિયમાનુસાર તાલુકાનાં મહેસુલી રેઈનગેજ મુજબ જે તાલુકામાં ચાલુ સિઝનનો દસ ઈંચથી ઓછો વરસાદ પડેલ હોય અથવા ચોમાસુ શરૂ થાય ત્યારથી ૩૧ ઓગસ્ટ સુધીનાં સમયગાળામાં બે વરસાદ વચ્ચે સતત ચાર અઠવાડિયા (૨૮ દિવસ) વરસાદ પડેલ ન હોય એટલે કે, સતત શૂન્ય વરસાદ હોય જેનાં લીધે ખેતીનાં વાવેતર થયેલ પાકને નુકસાન થયેલ હોય તેને દુષ્કાળ(અનાવૃષ્ટિ)નું જોખમ ગણવામાં આવે છે. જે તાલુકાનો અનાવૃષ્ટિમાં સમાવેશ કરવામાં આવે ત્યાં ખેડૂતોને નિયમ અનુસાર ૩૩% થી ૬૦% સુધીનું નુકસાન હોય તેવા કિસ્સામાં પ્રતિ હેકટર રૂા. ૨૦,૦૦૦ ચાર હેકટરની મર્યાદામાં ચૂકવવાની જોગવાઈ છે. એવી જ રીતે ૬૦% થી વધારે નુકસાન હોય તે વિસ્તાર (તાલુકા)નાં ખેડૂતોને પ્રતિ હેકટર રૂા. ૨૫,૦૦૦ ચાર હેકટરની મર્યાદામાં ચૂકવવાનાં હોય છે. સૌરાષ્ટ્ર સહિત ગુજરાતમાં ચાલુ વર્ષે ૨૩૫ થી વધારે તાલુકાઓમાં ૩૧ ઓગસ્ટ પહેલા સતત ત્રીસ દિવસથી વધારે સમય વરસાદ પડેલ ન હોય માટે આવા તમામ તાલુકાઓને દુષ્કાળગ્રસ્ત જાહેર કરી તાત્કાલિક ધોરણે મુખ્યમંત્રી કિશાન સહાય યોજના અંતર્ગત તમ મ ખેડૂતોને સહાય ચૂકવવામાં આવે.

જે ખેડૂતોને થોડો ઘણો પણ પાક બચ્યો હતો તે તૈયાર પાક પર હાલ વરસાદ પડવાથી ખેડુતોનાં મોઢે આવેલ કોળીયો છીનવાય ગયેલ છે આમ ખેડૂતોનાં પાકને બધી બાજુથી મોટું નુકસાન થવા પામેલ છે.

ઉપરોકત બાબતે તાત્કાલિક સર્વે કરાવી સૌરાષ્ટ્રનાં અસરગ્રસ્ત તમામ તાલુકાઓને દુષ્કાળ ગ્રસ્ત જાહેર કરી મુખ્યમંત્રી કિસાન સહાય યોજના હેઠળ ખેડૂતોને સહાય ચૂકવવામાં આવે. તેવી માંગ અંતમાં કરેલ છે.

વર્તમાન સરકાર બે–ચાર મહિનામાં થઈ શકે તેવા કોઈ કામ કરતી નથી

૬ વર્ષ પછી મહિલાઓ માટે અનામત અને ૪૭ વર્ષ પછી ભારત દેશ વિકસિત બનશે ?

કાળુધન, ખેડૂતોની આવક બમણી, ૧૦૦ સ્માર્ટ સિટી, બુલેટ ટ્રેનનો જે સમય આપેલ તે પસાર થયો અને હવે નવો વિકાસ અને નવી તારીખ

અમરેલી, તા. ૨૧

ભારત દેશમાં આઝાદીનાં ૬૭ વર્ષ બાદ સ્પષ્ટ બહુમતી સાથે સત્તારૂઢ થયેલ નરેન્દ્ર મોદી સરકારે સૌપ્રથમ કેબિનેટ બેઠકમાં ''કાળા ધન''ને પરત લઈ આવવા માટેની સમિતિ બનાવી એમણે શું કર્યુ, કેટલું કાળુધન પરત આવ્યું તેની કોઈ વિગતો હજુ સુધી પ્રકાશમાં આવી નથી.

તદઉપરાંત દેશનાં ૧૦૦ શહેરોને સ્માર્ટ સીટી બનાવવા, વર્ષ ૨૦૨૨ માં ખેડૂતોની આવક બમણી કરવી, સાંસદ આદર્શ ગ્રામ યોજના, દર વર્ષે ૨ કરોડ યુવાઓને રોજગાર, વિધાનસભા–લોકસભાનાં જે સદસ્ય ગુન્હેગાર સાબિત થશે તેને બરતરફ કરવા સહિતનાં અનેક વચનો અપાયા બાદ મોટાભાગનાં વચનો હવા હવાઈ સાબિત થયા છે.

દરમિયાનમાં હવે વર્ષ ૨૦૨૯માં વિધાનસભા અને લોકસભામાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામત (જેમાં રાજયસભા અને રાજયની વિધાન પરિષદની બાદબાકી) આપવાની અને ભારતને ૨૦૪૭ સુધીમાં વિકસિત બનાવી દેવાનું વચન આપવામાં આવ્યું.

આજનાં પેટના ભૂખ્યા વ્યકિતને તમો કહો કે એક મહિના પછી ફર્સ્ટ કલાસ ભોજન આપીશ તો તેનો કોઈ મત્તલબ નથી છતાં પણ વર્તમાન સરકાર અવનવા વચનો આપીને દેશવાસીઓને આશામાં અને આશામાં વર્તમાનની મુશ્કેલીમાં કોઈ મદદ કરતી ન હોવાનું સ્પષ્ટ જોવા મળી રહ્યું છે.

પ્રાર્થના સભા

સ્વ. ભાઈશંકરભાઈ નાનાલાલ ઠાકર

(સ્વ.તા. 16/9/2023, શનિવાર)

મુળ કેરીયાચાડ હાલ અમદાવાદ નિવાસી સ્વ. ભાઈશંકરભાઈ નાનાલાલ ઠાકર (ઉ.વ.74) તે પુ.જીજ્ઞેશદાદા (રાધે રાધે) ના પિતાશ્રી તા. 16/9/2023 શનિવારના રોજ ગૌલકવાસી થયેલ છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

સદ્ગતની પ્રાર્થનાસભા
તા. 23/9/23, શનિવાર બપોરે 3 થી 5 વાગ્યા સુધી
અમારા નિવાસસ્થાને ગામ – કેરીયાચાડ. તા.જી. અમરેલી

દેવેન્દ્રભાઈ નાનાલાલ ઠાકર * મહેશભાઈ નાનાલાલ ઠાકર
ગૌરાંગભાઈ દેવેન્દ્રભાઈ ઠાકર (મો. 8511672482)
પુ. જીજ્ઞેશદાદા (રાધે રાધે)
ભાર્ગવભાઈ દોલતરાય ઠાકર (મો. 9429185085)
તથા ઠાકર પરિવારના જય શ્રી કૃષ્ણ

ડીસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સે શોક ઠરાવ કર્યો

અમરેલીમાં અંગદાન કરનાર ડો. મહેતા પરિવારને ધન્યવાદ પાઠવતાં વેપારીઓ

સ્વ. દમયંતિબેનનાં આત્માને શાંતિ અર્થે પ્રાર્થના કરી

અમરેલી, તા. ૨૧

અમરેલીનાં જાણીતા ડો. બી.એન. મહેતાએ તેમના ધર્મપત્નીનું બ્રેઈનડેડ થતાં તેઓનાં વિવિધ અંગોનું દાન કરતાં અમરેલી ડીસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સનાં અગ્રણી વેપારીઓએ શોક ઠરાવ પસાર કરીને સ્વ. દમયંતિબેનનાં આત્માનાં શાંતિ અર્થે પ્રાર્થના કરી હતી.

આ તકે વેપારી અગ્રણી ચતુરભાઈ અકબરી, હરેશભાઈ સાદરાણી, મુકુંદભાઈ ગઢીયા, ગીરીશભાઈ ભટ્ટ, યોગેશ ગણાત્રા, દિનેશભાઈ ભુવા, યોગેશભાઈ કોટેચા વિગેરે જોડાયા હતા.

સૌરાષ્ટ્ર સિક્યુરીટી સુપરવાઈઝર પાસેથી ૪ વ્યકિતઓએ ખંડણી માંગી

બાબરામાં ''પવનચક્કી'' નાં કોન્ટ્રાકટ બાબતે બઘડાટી

રાણપર, ઉંટવડ ગામનાં વ્યકિતઓ વિરૂધ્ધ સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી

અગાઉનાં સિકયુરીટી કોન્ટ્રાકટર દ્વારા નવા કોન્ટ્રાકટરને ધમકી અપાયાની ફરિયાદ

રાણપર ગામે પ્લાન્ટનાં સ્થળે ફરિયાદીને ધમકી આપવામાં આવી

બાબરા પંથકમાં ''પવનચક્કી''નાં કારણે અવાર નવાર માથાકૂટ થઈ રહી હોય તંત્ર એલર્ટ રહે

બાબરા, તા. ૨૧

બાબરા વિસ્તારમાં પવનચક્કી યુનિટોમાં આર્થિક ઉપાર્જન અને કોન્ટ્રાકટ રાખવા સહિત ખેડુતો સહિત ફોરેસ્ટ વર્તુળ અને ગૌચર જમીનોમાં પગ પેસારા બાદ છેલ્લા કેટલાક સમયથી રાજકીય અને સામાજિક ઓથે વિવિધ ફરિયાદો પોલીસ મથકમાં ઉઠી રહી છે. જેમાં પોલીસ પોતાની અગ્ર ભૂમિકા ભજવતી હોઈ તેમ માલેતુજારોને છાવરી તેમજ સામેના લોકોની ફરિયાદનું વજૂદ નહી જાળવી આરોપીને ઝડપી પાડવા પણ રાજકીય આચળો ઓઢી કામગીરી કરતા હોવાના આક્ષેપો સાથે વધુ એક ખંડણી માંગવા મુદ્દે પોલીસે ફરિયાદ નોંધી છે અને તેના આરોપીઓ દ્વારા અગાઉની ફરિયાદ મુદ્દે પોલીસ નિયમ મુજબ કામગીરી નહી કરતી હોવાના આક્ષેપ સાથે ગૃહ રાજયમંત્રી સમક્ષ સઘળી હકીકત રજુ કરનાર હોવાનું જાણવા મળે છે.

બાબરા પોલીસ મથક માં આજે પવનચક્કી સિકયુરિટીના સુપરવાઈઝર અમિત દિનેશભાઈ જળું દ્વારા આપેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ રઘુભાઈ હમીરભાઈ વાળા (રાણપર), જયરાજભાઈ કોટીલા (ઉંટવડ), ગભરૂભાઈ ધાધલ (નીલવડા), અમકુભાઈ ધાધલ (નીલવડા) એ પવનચક્કી અને સોલાર યુનિટો બંધ કરાવી અને કામગીરી શરૂ કરવી હોઈ તો રૂપિયા ૫૦ હજાર આપવા માંગ કરી ગાળો આપી જાનથી મારી નાખવા ધમકી આપવામાં આવી છે.

જયારે અગાઉ પોલીસમાં રાણપર ગામના ખેડુત રઘુભાઈ હમીરભાઈ વાળા દ્વારા પોલીસમાં આપેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ રાકેશભાઈ આહીર સૌરાષ્ટ્ર સિકયુરીટી, રહે. ચાવંડ, મયુરભાઈ આહીર રહે. સુખપુર, લકધીરભાઈ આહીર રહે. સુખપુર સહિત ત્રણ અજાણ્યા ઈસમો મળી કુલ છ લોકો દ્વારા તેમની ખેતીની જમીનમાં વચ્ચે વાહનો ચલાવવા માટે રસ્તો બનાવી લેતા તેમને આવું કરવાની ના પાડતા બેફામ ગાળો આપી અમે ખેતરમાં પડેલ નીરણ પાલો સળગાવવા પ્રયાસ કરી છરી બતાવી જાનથી મારી નાખવા ધમકી આપી બળ જબરીપૂર્વક ખેતીની જમીનમાંથી રસ્તો કાઢી વાહનો ચલાવવામાં આવી રહ્યા છે તેની ફરિયાદ અપાઈ હતી.

બાદમાં રાકેશભાઈ કેશુભાઈ સોરઠીયા રહે. ચાવંડવાળાએ પોલીસમાં આપેલી અરજીમાં ગભરૂભાઈ તથા જયરાજભાઈ દ્વારા ખેડુતના નામથી ખંડણી માંગ્યાનું જણાવતા આ ખોટા આક્ષેપથી લાગી આવતા ખેડુત રઘુભાઈ હમીરભાઈ વાળાએ ઝેરી દવા પીધી હોવાની પોલીસમાં ફરિયાદ આપી છે અને આ બનાવના જવાબદાર તરીકે (૧) રાકેશભાઈ કેશુભાઈ આહીર રહે. ચાવંડ (૨)પદુભાઈ રહે. ઈંગોરાળા (૩) જગાભાઈ આહીર રહે. ત્રબોડા તથા એક અજાણ્યા ઈસમ સામે વિધિવત ફરિયાદ નોંધાવી હતી.

ઉપરોકત ફરિયાદો મુદ્દે પોલીસ વર્તુળ રાજકીય વગોના કારણે હજુ સુધી મોટાભાગના આરોપી સામે ધરપકડ સહિતના પગલા ભરવામાં આવ્યા નથી ત્યાં ફરી વખત ખંડણી માગવા મુદ્દે ખેડુત સહિતના ચાર સામે ફરિયાદ નોંધાતા મામલો ગરમાયો છે. પવનચક્કી સિકયુરિટી કોન્ટ્રાકટ રાખવા મુદ્દે થતી ફરિયાદોમાં તથ્ય કેટલું સત્ય સમાયેલું છે આ મુદ્દો ચર્ચાનો વિષય બન્યો છે. આવનારા સમયમાં પવનચક્કી કોન્ટ્રાકટર અને તેને છાવરત રાજકીય આગેવાનો મુદ્દે ગૃહ રાજય મંત્રી સમક્ષ તાલુકાનું પ્રતિનિધિ મંડળ રજુઆત કરવા જનાર હોવાનું સાંભળવા મળે છે.

બાબરાનાં ચમારડી પે.સેન્ટર શાળાનાં વિદ્યાર્થીઓ IT QUIZ માં અગ્રેસર



અમરેલી, તા. ૨૧

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સા એન્ડ ટેકનોલોજી ગુજરાત દ્વારા રાજય કક્ષાની રાષ્ટ્રીય ગ્રામીણ કિવઝ આયોજિત સ્પર્ધામાં ચમારડી પે.સેન્ટર શાળા (તાલુકો બાબરા) ના વિદ્યાર્થીઓ આઈ.ટી. કવાઈઝમાં બેલડિયા હેત્વી અશ્વિનભાઈ તથા પીપળવા આકાશ ભરતભાઈ તેમજ સાન્યસ સેમીનાર માં બેલડિયા હેત્વી અશ્વિનભાઈ એ તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરેલ છે.

આ વિદ્યાર્થીઓ એ તા.૧૫નાં રાજય કક્ષાઓ ભાગ લીધો હતો તેમજ ઉત્કૃષ્ઠ દેખાવ કરેલો છે. તે માટે જરૂરી માર્ગદર્શક જયસુખ આર. ગોંડલીયા દ્વારા કરવામાં આવ્યું હતું. તેઓએ શાળા ગામ તેમજ જિલ્લાનું માન વધારેલ છે. આ સફળતા પાછળ હરહંમેશ સહકાર અને ટેકો આપનાર આચાર્ય સતિષભાઈ ટાંક, શાળાનાં સ્ટાફ, નિલેશભાઈ પાઠક (ડિસ્ટ્રીક કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, ગિરધરભાઈ સંગ્રાલય, બાલભવન) ચેતનભાઈ, ટી.પીઈઓ સાંનિયાબેન, બીઆરસી નીતિનભાઈ ચાવડા, સીઆરસી વાલીઓ તથા વિદ્યાર્થીઓએ સહકાર આપ્યો હતો.

સાવરકુંડલાનાં પીર સૈયદ દાદાબાપુ કાદરી ઉમરાહ હજની સફરે રવાના



સાવરકુંડલા, તા. ૨૧

સાવરકુંડલા ખાતેથી પીર સૈયદ દાદાબાપુ કાદરી ઉમરાહ હજની સફરે જવા રવાના થયા.

કોમી એકતા નાં પ્રતીક અને લોકોનાં દિલમાં આગવું સ્થાન ધરાવતા અને નિસ્વાર્થ પણે વ્યસન મુકિત અભિયાન ચલાવતા તેમાં અઢળક હિન્દૂ મુસ્લિમ વ્યકિતઓને ગંભીર વ્યસન મુકત બનાવ્યા છે તેમજ તે વ્યકિત અને સમાજ સુધારક પીર તરિકત સરકાર સૈયદ અલ્હાજ દાદાબાપુ કાદરી સાવરકુંડલાથી મક્કા મદીનાં સાવરકુંડલા ખાતેથી ઉમરાહની સફરે જતા પીર તરિકત અલ્હાજ દાદાબાપુ કાદરીનું જુમ્મા મસ્જિદમાં સન્માન કરવાનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. જેમાં સાદાતે કિરામ ઉલમાએ કિરામ હાજી સાહેબો વિવિધ જમાતનાં પ્રમુખો આગેવાનો વિગેરેએ મુસ્લિમ સમાજે ફુલહાર કરી સન્માન કરેલ હતું ત્યારબાદ આ સન્માન કાર્યક્રમ વખતે મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો હાજર રહ્યા હતા અને એ નુરાની જલ્સાઓમાં સામેલ થઈ દાદાબાપુની દુઆઓનો ફેજ લીધો હતો.

લીલીયા નજીક આવેલ

એકલેરા ગામેથી વિદેશી દારૂનાં જથ્થા સાથે એક ઈસમની અટકાયત

રૂપિયા ૮૨૦૦ નો મુદ્દામાલ કબ્જે કરાયો

અમરેલી તા. ૨૨

લીલીયા પોલીસ સ્ટેશનના પોલીસ સબ.ઈન્સ. એસ.આર.ગોહિલ તથા પાંચતલાવડા બીટ ઈન્ચાર્જ જયસુખભાઈ એલ.મકવાણાએના એકલેરા ગામે રહેતો પર–પ્રાંતિય મજુર મનીષ જોરૂભાઈ ભુરીયાએ એકલેરા ગામની સીમમાં પાડરશીંગા જવાના કાચા કેડે વેણકીમા ભારતીય બનાવટનો વિદેશી દારૂ રાખી વેચાણ કરે છે, જે હકીકતના આધારે રેઈડ કરતા એકલેરા ગામની સિમમાં ભીખાભાઈ કાળુભાઈ આલગીયાની વાડીની બાજુમા આવેલ વેણકીમા મનીષ જોરૂભાઈ ભુરીયાને મોટા થેલા સાથે વિદેશી દારૂની બોટલ ૭૫૦ એમએલ કંપની પેકીંગ બોટલો નંગ ૧૭ કિંમત રૂા. ૫૧૦૦ તથા ભારતીય બનાવટનો વિદેશી દારૂ ૧૮૦ ખક કંપની પેકીંગ બોટલો નંગ – ૩૧ કિ.રૂ.૩૧૦૦ મળી કુલ કિંમત રૂપિયા ૮૨૦૦ ના મુદ્દામાલ સાથે પકડાયેલ હોય જે અંગે લીલીયા પોલીસ દ્વારા ધોરણસરની કાર્યવાહી કરવામા આવેલ અને વિદેશી દારૂ પકડી પાડવામા લીલીયા પોલીસ ટીમને સફળતા મળેલ છે.

મકાન વેચવાનું છે
જેમાં ત્રણ બેડરૂમ, હોલ, કિચન, મોટી બાલ્કની, પાણી માટે દાર તેમજ જરૂરી ફર્નિચર સાથેનું તમામ સગવડતાવાળુ કોર્નરનું મકાન વેચવાનું છે.
હનુમાનપરા રોડ, રણુજાધામ સોસાયટી-૧, અમરેલી.
સંપર્ક : ૯૭૧૪૧ ૧૧૧૫૩

▪ કાર ▪ બાઈક ▪ ટ્રેકટર ▪ ટ્રક ▪ બસ
ટાયર-ટ્યુબ, ઓઈલ-ગ્રીસ, વ્હીલ-પ્લેટ-ધરા, જેક-ફીલ્ટર, ટુલ્સના હોલસેલ તેમજ રીટેઈલ
સંજય ટાયર્સ બસ સ્ટેશન રોડ, અમરેલી.
સંજય ટ્રેડ લીંક ટોયોટા શો-રૂમ પાસે, લાઠી બાયપાસ રોડ, અમરેલી.

તક ને તેડા ના હોય...
૫ વસ્તુનો બાથરૂમ સેટ
▪ડોલ (૨૫ લી.) ▪પાટલો ▪ ટમ્બલર
▪ સોપ હોલ્ડર ▪ બ્રસ હોલ્ડર
માત્ર રૂા. ૩૫૦/–માં
નવા વર્ષના પંચાગ આવી ગયેલ છે.
છુટક તથા હોલસેલ મેળવવા માટે સંપર્ક કરો
ગજાનન ન્યુઝ એજન્સી
રાજકમલ ચોક, નગરપાલીકા નીચે ફોન :૨૨૦૦૦૬

અમદાવાદ એસ.જી. હાઈ-વે આસપાસનાં વિસ્તારમાં...
ભાડે-વેચાણ : પીજી/સીંગલ રૂમ/ફ્લેટ/દુકાન
2BHK, ૧૪૪ વાર, રહેવા માટે બેસ્ટ, નવું બિલ્ડીંગ નિરમાં યુનિવર્સીટી પાછળ, એસ.જી. હાઈવેથી ખુબ જ નજીક (રોકાણ માટે ઉત્તમ તક)
3BHK, ૨૨૦ વાર, રહેવા માટે બેસ્ટ, આંબાવાડી આઝાદ સોસાયટી પાસે, ફુલ્લી ફર્નિચર સાથે કિ.૧-૫૦ Cr
દિપક સવાણી (અમરેલીવાળા) : 94288 22577

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧
પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ ૪૦,પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
☛ નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા કાનની તપાસ
☛ વડીલો માટે કાનના આધુનિક મશીનમાં વિશેષ છૂટ
☛ કોકલીયર ઈમ્પ્લાન્ટ : ઓપરેશન વિશે સંપૂર્ણ માર્ગદર્શન, મેપિંગ, સ્પીચ થેરાપી તથા મશીન રીપેરીંગની સુવિધા
☛ પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

YAMAHA RACING ॥ વંદે માતરમ્ ॥ FZ-S Fi
lord of the streets
યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઈક
NOW WITH CONNECT
Side Stand Engine cut-off Switch
Light Weight
3D Emblem
Durable 149cc fuel Injection Engine
Two-level Single Piece Seat
➤ - ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

ગણેશ મહોત્સવ નિમિત્તે...
ડ્રાયફ્રુટથી ભરપુર શુધ્ધ ઘી માં બનેલ ચુરમાના સ્પે.લાડુ
મગજના લાડુ
મગીયા લાડુ
શહેરનું એકમાત્ર સ્થળ...
શિવ ફરસાણ માર્ટ ભીડભંજન ચોક અમરેલી
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨

''શ્રી વલ્લભ'' MARUTI SUZUKI ARENA Navnit
મારૂતિ સુઝુકી શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
EECO
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

Hero
go BIG go XOOM
LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

HONDA The Power of Dreams
સપના કરશે સાકાર...
Shine 100cc
કિંમત રૂા. 64,900/-* થી શરૂ
સૌથી સસ્તુ બાઈક
સાથે ISI માર્કાવાળુ ફ્રી હેલ્મેટ તદ્દન મફત
Honda Shield 3+3 years warranty
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૨૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વધુ એક રેકોર્ડ બનાવ્યો

મોદીની વોટ્સએપ ચેનલના એક જ દિવસમાં ૧૦ લાખથી વધુ ફોલોઅર્સ

મોદીના એક્સપર ૯૧ મિલિયનથી વધુ, ફેસબુક પર ૪૮ મિલિયન, ઈન્સ્ટાગ્રામ પર ૭૮ મિલિયનથી વધુ ફોલોઅર્સ

નવી દિલ્હી, તા.૨૧

એક્સ, ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ જેવા વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર રેકોર્ડ ફોલોઅર્સ કર્યા પછી, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વધુ એક રેકોર્ડ બનાવ્યો છે. તાજેતરમાં જ વોટ્સએપએ ચેનલ પ્લેટફોર્મની સેવા શરૂ કરી છે.

જેના પર પીએમ મોદીએ પોતાનું એકાઉન્ટ પણ બનાવ્યું છે. આ એકાઉન્ટ બનાવ્યાના માત્ર એક જ દિવસમાં ૧૦ લાખ ફોલોઅર્સ વટાવી ગયા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને એક્સપર ૯૧ મિલિયનથી વધુ લોકો ફોલો કરે છે. પીએમ મોદીના ફેસબુક પર ૪૮ મિલિયન ફોલોઅર્સ છે. આ સિવાય ઈન્સ્ટાગ્રામ પર તેના ૭૮ મિલિયનથી વધુ ફોલોઅર્સ છે. આ બધાની વચ્ચે માત્ર એક જ દિવસમાં ૧૦ લાખ ફોલોઅર્સ પીએમની વોટ્સએપચેનલ સાથે જોડાઈ ગયા છે અને આ સંખ્યા સતત વધી રહી છે. આ દર્શાવે છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી કેટલા લોકપ્રિય છે. દરેક સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પીએમ મોદીના ફોલોઅર્સની સંખ્યા વિશ્વના અગ્રણી નેતાઓ કરતા વધુ છે.

વોટ્સએપની મધર કંપની મેટાએ હાલમાં જ વોટ્સએપચેનલ નામનું એક નવું ફીચર લોન્ચ કર્યું છે. તે કંઈક અંશે ટેલિગ્રામ જેવું છે. આ ફીચરની મદદથી સેલિબ્રિટી પોતાની વોટ્સએપ ચેનલ બનાવી શકે છે. આ પછી, સામાન્ય વપરાશકર્તાઓ તેમની સેલિબ્રિટી સાથે સીધા જ કનેક્ટ થઈ શકે છે.

આ ચેનલમાં ડિરેક્ટરી સર્ચનો વિકલ્પ પણ આપવામાં આવ્યો છે, જેના દ્વારા તમે કોઈપણ સેલિબ્રિટીને સર્ચ કરીને તેની સાથે કનેક્ટ કરી શકો છો. આમાં તમારી ચેટ અને ચેનલ અલગ હશે. આ સિવાય તમારો ફોન નંબર પણ કોઈના સુધી પહોંચશે નહીં. તમે જે વ્યક્તિને અનુસરો છો તેની પોસ્ટ્સ પર પણ તમે પ્રતિક્રિયા આપી શકશો.

જો તમને તમારા મોબાઈલમાં વોટ્સએપચેનલ ફીચર દેખાતું નથી, તો તમારે પહેલા વોટ્સએપએપ અપડેટ કરવી પડશે. તેને ખોલ્યા પછી, એક નવી અપડેટ ટેબ દેખાશે, જેમાં સૌથી નીચે ફાઈન્ડ ચેનલ્સનો વિકલ્પ દેખાશે. આના પર તમે કોઈપણ સેલિબ્રિટીને શોધી શકો છો જેણે ચેનલ બનાવી હોય.

પીએમ મોદીને સર્ચ કરતા જ તેમની ચેનલ દેખાશે. જો કે, તેમાં સી ઓલનો વિકલ્પ પણ છે, જે બધી ચેનલો બતાવે છે. જો તમે પીએમ મોદીની ચેનલ જુઓ છો, તો તમે પ્લસ બટનને ટેપ કરીને તેમને અનુસરી શકો છો. આના કારણે, વીડિયો, ફોટો અથવા તેનાથી સંબંધિત અન્ય સામગ્રીના અપડેટ્સ તમને સતત મળતી રહેશે.

સીમા હૈદરે પાકિસ્તાનના ધજાગરા ઉડાવ્યા

ભારત સરકાર મહિલા બિલ દ્વારા મહિલાઓ માટે સારૂ કામ કરી રહી છે

ભારતમાં મહિલાઓને દેવી માનવામાં આવે છે તો વળી પાક.માં લોકો મહિલાને પગના જૂતા સમજે છે : સીમા હૈદર

નવી દિલ્હી, તા.૨૧

દેશની સંસદમાં રજૂ કરવામાં આવેલા મહિલા આરક્ષણ બિલ તરફ સૌ કોઈનું ધ્યાન ખેંચી રહ્યું છે. પ્રધાનમંત્રી મોદીએ તેને નારી શક્તિ વંદન વિધેયક નામ આપ્યું છે. આ બિલને લઈને સદનમાં પક્ષ વિપક્ષે પોતાના તર્ક રજૂ કર્યા હતા. આ દરમ્યાન હવે પાકિસ્તાનમાંથી આવેલી સીમા હૈદરે પણ મહિલા આરક્ષણ બિલ પર ખુલીને વાત કરી છે. સીમાએ મહિલા અધિકારો અને તેમના આત્મસન્માન પર ભારત અને પાકિસ્તાનની વચ્ચે તુલના કરતા કહ્યું કે, ભારતમાં મહિલાઓને દેવી માનવામાં આવે છે. તો વળી પાકિસ્તાનમાં લોકો મહિલાને પગના જૂતા સમજે છે.

પાકિસ્તાની મહિલા સીમા સચિન મીણાએ પાકિસ્તાન સરકાર પર ગુસ્સો ઠાલવતા કહ્યું કે, ભારત સરકાર મહિલા બિલ દ્વારા મહિલાઓ માટે બહુ મોટુ કામ કરવા જઈ રહી છે. પાકિસ્તાનના લોકો અને ત્યાંની સરકાર મહિલાઓને પગના જુતા સમજે છે. તો વળી ભારતમાં મહિલાઓને દેવી માનવામાં આવે છે અને સન્માન આપવામાં આવે છે. સીમા હૈદરે કહ્યું કે, ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી મહિલાઓને સન્માન આપી રહ્યા છે. આ ખૂબ જ ખુશીની વાત છે. ભારત માતાની જય. હકીકતમાં જોઈએ તો, સીમા હૈદર પબજી ગેમ રમતા નોઈડાના સચિન મીણાના સંપર્કમાં આવેલી અને બાદમાં પ્રેમ થતાં ગેરકાયદેસર રીતે ભારત આવી હતી. સીમા હૈદરે દાવો કર્યો છે કે, તેણે સચિન મીણા સાથે લગ્ન કરી લીધા છે અને તે હિન્દુ રીતિ રિવાજને ફોલો કરે છે. સીમા હૈદરને ઈંસ્ટાગ્રામ અકાઉન્ટ અને યૂટ્યૂબ ચેનલ પણ છે. સીમા મોટા ભાગે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વીડિયો નાખે છે અને ખૂબ જ વાયરલ પણ થાય છે.

કોંગ્રેસ અગ્રણીઓની અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત

નર્મદાના નીરથી તબાહી, SITની રચના કરી કોંગ્રેસની ન્યાયિક તપાસની માગ

દ. ગુજરાતના નર્મદા, અંકલેશ્વર, ભરૂચ સહિતના જિલ્લામાં નર્મદાના નીરથી ભયાવહ પૂરની સ્થિતિ સર્જાયેલી છે

ભરૂચ, તા.૨૧

નર્મદાના પૂરગ્રસ્ત વિસ્તારોની કોંગ્રેસના પ્રતિનિધિ મંડળે મુલાકાત લીધી હતી. કોંગ્રેસ નેતાઓએ અસરગ્રસ્તોની વેદના અને વ્યથા સાંભળી હતી. પૂરને કારણે અસરગ્રસ્તોને તાત્કાલિક કેશ ડોલ સહિતની રાહત ચૂકવવામાં આવે અને માનવસર્જિત આફતની SITની રચના કરી ન્યાયિક તપાસની કરવાની કોંગ્રેસ પક્ષ માગ કરી હતી. દક્ષિણ ગુજરાતના નર્મદા, અંકલેશ્વર, ભરૂચ સહિતના જિલ્લાઓમાં નર્મદાના નીરથી ભયાવહ પૂરની સ્થિતિ સર્જાયેલી છે. ત્યારે કોંગ્રેસ નેતાઓનું એક પ્રતિનિધિ મંડળે અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લીધી હતી. કોંગ્રેસનો આરોપ છે કે, આ માનવસર્જિત આપદાને કારણે સરદાર સરોવર પરિયોજના-બંધ સંચાલન સત્તાધીશોની ગંભીર ગુનાહિત બેદરકારી અને બેજવાબદારીના લીધે હજારો પરિવારો પુરનો ભોગ બન્યા છે. કરોડો રૂપિયાની ઘરવખરી અને સંપત્તિને નુકસાન થયું છે.પૂરગ્રસ્ત બનેલા નર્મદા ભરૂચ જિલ્લાના નાગરિકોની મુલાકાત અને સ્થાનિક વિસ્તારોમાં ગંભીર પરિસ્થિતિનો તાગ મેળવવા કોંગ્રેસ પક્ષનું ઉચ્ચ કક્ષાનું પ્રતિનિધિ મંડળ ભરૂચ, નર્મદા જિલ્લાની આજ રોજ મુલાકાત લીધી હતી અને ભરૂચ-નર્મદા જિલ્લાના પૂર અસરગ્રસ્ત વિસ્તારના લોકોની વેદના અને સમસ્યાઓને સાંભળી હતી અને આંખે દેખ્યો તારાજીનો ચિતાર મેળવ્યો હતો.નર્મદા ડેમ માંથી છોડાયેલા ૧૮ લાખ ક્યૂસેકથી વધુ પાણીએ ભરૂચ અંકલેશ્વર શહેર સહિત ગ્રામ્ય વિસ્તારમાં ભારે ખાનાખરાબી સર્જી છે. ભરૂચની પૂર્વ પટ્ટી પર આવેલા શુક્લતીર્થ, કડોદ તેમજ ભરૂચના દાંડિયા બજાર સહિત અન્ય વિસ્તારોમાં ગુજરાત કોંગ્રેસના પ્રતિનિધિ મંડળે મુલાકાત લીધી હતી. અસરગ્રસ્ત લોકોને તબાહીમાં હજુ સુધી કોઈ સરકારી સહાય મળી ન હોવા અંગે સ્થાનિક લોકોએ આકોશ વ્યક્ત કર્યો હતો. અસરગ્રસ્ત વિસ્તારના સ્થાનિક લોકોની તંત્ર, સરકાર સામેનો આક્રોશ અને વેદના સાંભળી કોંગ્રેસના પ્રતિનિધિ મંડળએ સાંભળી હતી. ભરાયેલા પાણી ઉતર્યા બાદ પણ કોઈ સહાય ન ચૂકવતા લોકોમાં મોટો રોષ જોવા મળ્યો છે. જે ભાજપના જિલ્લા પ્રભારી મંત્રી પર લોકોએ ગુસ્સો ઠાલવ્યો હતો. ગુજરાત કોંગ્રેસના પ્રતિનિધિ મંડળમાં વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડા, ઉપનેતા શૈલેષ પરમાર, પ્રદેશ કાર્યકારી અધ્યક્ષ હિંમતસિંહ પટેલ, પૂર્વ મંત્રી કેન્દ્રીય મંત્રી ડૉ. તુષાર ચૌધરી, પ્રદેશ ઉપાધ્યક્ષ બિમલ શાહ, મહામંત્રી બળદેવભાઈ લુણી સહિતના ભરૂચના કોંગ્રેસ સ્થાનિક અગ્રણીઓએ પૂરગ્રસ્ત વિસ્તારના અસરગ્રસ્તોની મુલાકાત લીધી હતી.

રેલવે બોર્ડે એક મોટો નિર્ણય કર્યો

રેલ અકસ્માત પીડિતોને અપાતા વળતરમાં ૧૦ ગણો વધારો કરાયો

ટ્રેન દુર્ઘટનામાં મૃતક યાત્રીઓના પરિજનોને ૫ લાખ, ગંભીર રીતે ઈજાગ્રસ્ત યાત્રીઓને ૨.૫ લાખ રુપિયા મળશે

નવી દિલ્હી, તા.૨૧

રેલવે બોર્ડે એક મોટો નિર્ણય કર્યો છે જેમાં રેલવે અકસ્માતના પીડિતોને આપવામાં આવતા વળતરમાં વધારો કરવામાં આવ્યો છે. હવે જો કોઈ રેલ યાત્રી ટ્રેન દુર્ઘટનામાં મૃત્યુ પામે તેમજ ઈજાગ્રસ્ત થાય તો પહેલા કરતા તેને ૧૦ ગણું વધારે વળતર મળશે. આ પહેલા રેલવે દ્વારા છેલ્લી વખત એક્સગ્રેશિયાની રકમ વર્ષ ૨૦૧૨ અને ૨૦૧૩માં સુધારો કરવામાં આવ્યો હતો. એક રિપોર્ટ મુજબ રેલવે તરફથી મળતી જાણકારી મુજબ ટ્રેન દુર્ઘટનામાં જીવ ગુમાવનારા તેમજ ઈજાગ્રસ્ત થયેલા યાત્રીના પરિજનોને આપવામાં આવતા વળતરની રકમમાં વધારો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. રેલવેના ૧૮મી સપ્ટેમ્બરના જાહેર કરાયેલા પરિપત્રની તારીખથી જ આ લાગુ થઈ જશે.

આ નવા વળતરની રકમમાં વધારો થયા બાદ હવેથી ટ્રેન દુર્ઘટનામાં મૃતક યાત્રીઓના પરિજનોને ૫૦ હજારની બદલે ૫ લાખ રુપિયા મળશે જ્યારે ગંભીર રીતે ઈજાગ્રસ્ત યાત્રીઓને ૨૫ હજારની બદલે ૨.૫ લાખ રુપિયા આપવામાં આવશે. આ સિવાય નજીવી ઈજા થનારા યાત્રીઓને ૫ હજારને બદલે ૫૦ હજાર રુપિયા મળશે.

રેલવે બોર્ડે દ્વારા જણાવવામાં આવ્યું હતું કે ટ્રેન દુર્ઘટનાના કિસ્સામાં જો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલ મુસાફર ૩૦ દિવસથી વધુ સમયથી હોસ્પિટલમાં દાખલ થવા પર તેમને વધારાની રકમ આપવાની પણ જાહેરાત કરવામા આવી છે જેમા દર ૧૦ દિવસના સમયગાળાના અંતે અથવા રજાની તારીખે બે માંથી જે વહેલું હોય તે દિવસે ૩ હજાર પ્રતિ દિવસ આપવામાં આવશે.

આ ઉપરાંત પરિપત્રમાં જણાવવામાં આવ્યું હતું કે રેલવે અધિનિયમ ૧૯૮૯ ટ્રેન દુર્ઘટના અને અપ્રિય ઘટનાઓમાં મુસાફરોના મૃત્યુ અથવા ઈજા માટે વળતરની જવાબદારી નક્કી કરે છે. આ અપ્રિય ઘટનાઓમાં આતંકવાદી હુમાલો, હિંસક હુમલો અને ટ્રેન લૂટ જેવા ગુનાઓનો સમાવેશ પણ થાય છે.

મનોરંજન ઈન્ડસ્ટ્રીમાંથી આઘાતજનક સમાચાર

3 ઈડિયટ્સના લાયબ્રેરિયન અખિલ મિશ્રાનું નિધન

હૈદરાબાદમાં શૂટિંગ કરી રહ્યા હતા તે દરમિયાન કોઈ બિલ્ડિંગથી પરથી પડી જતા તેમનું મોત થયું

નવી દિલ્હી, તા.૨૧

એન્ટરટેઈનમેન્ટ ઈન્ડસ્ટ્રી માંથી શોકિંગ ખબર સામે આવી રહી છે. ફિલ્મ '૩ ઈડિયટ્સ'માં લાઈબ્રેરિયનની ભૂમિકાથી ફેમસ થયેલા એક્ટર અખિલ મિશ્રાનું નિધન થઈ ગયુ છે. અખિલ મિશ્રાનું એક દુર્ઘટનામાં મોત થઈ ગયુ છે. એક્ટરના મોત અંગે એવી ચર્ચા ચાલી રહી છે કે, તેઓ હૈદરાબાદમાં શૂટિંગ કરી રહ્યા હતા તે દરમિયાન કોઈ બિલ્ડિંગથી પરથી પડી જતા તેમનું મોત થઈ ગયુ છે. અભિનેતાએ ૫૮ વર્ષની ઉંમરમાં દુનિયાને અલવિદા કહી દીધુ છે. તેમના મિત્ર અને એક્ટિંગ કોચ કુલવિંદર બખ્શીએ તેમના મોતની પુષ્ટિ કરી છે.

અખિલ મિશ્રાની બોડીને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવી છે. અખિલે અનેક ટીવીશો અને ફિલ્મોમાં કામ કર્યું છે. તેમણે ઉત્તરન, ઉડાન, સીઆઈડી, શ્રીમાન શ્રીમતી, ભારત એક ખોજ, રજની જેવા શો કર્યા હતા. ફિલ્મોની વાત કરીએ તો અભિનેતાએ ડોન અબ્બા, હજારો ખ્વાહિસે ઐસી, ૩ ઈડિયટ્સમાં કામ કર્યું હતું. ઈન્ડસ્ટ્રીમાં અખિલે વર્ષો સુધી કામ કર્યું પરંતુ તેમને ફેમ '૩ ઈડિયટ્સ'માં લાઈબ્રેરિયન દૂબેના રોલથી મળી. સીરિયલ ઉતરનમાં ઉમેદ સિંહ બુદેલાના રોલમાં પણ તેમને ખૂબ પસંદ કરવામાં આવ્યા હતા. અખિલની પત્ની સુઝેન બર્નેટ પણ વ્યવસાયે એક્ટ્રેસ છે. પતિના અવસાન બાદ તે શોકમાં છે. અખિલની પહેલી પત્ની મંજુ મિશ્રા હતી. ૧૯૮૩માં લગ્ન બાદ બંનેના ૧૯૯૭માં છૂટાછેડા થઈ ગયા હતા. મંજુથી અલગ થયા બાદ સુઝેન અખિલના જીવનમાં આવી. અખિલે ૨૦૦૯માં સુઝેન બર્નેટ સાથે લગ્ન કર્યા હતા. આ તેમના બીજા લગ્ન હતા.

તમિલનાડુના મંત્રીનું વધુ એક વિવાદાસ્પદ નિવેદન

રાષ્ટ્રપતિ વિધવા-આદિવાસી હોય નવા સંસદ ભવનના ઉદ્ઘાટનમાં નિમંત્રણ ન અપાયું

ચેન્નાઈ, તા.૨૧

તમિલનાડુના મંત્રી અને ડીએમકે નેતા ઉદયનિધિ સ્ટાલિને નવા સંસદ ભવનના ઉદઘાટન કાર્યક્રમમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને આમંત્રણ ન કરવા અંગે સવાલો ઊઠાવ્યા હતા.

સ્ટાલિને કહ્યું કે રાષ્ટ્રપતિ મુર્મુને એટલા માટે ન બોલાવાયા કેમ કે તે વિધવા છે અને આદિવાસી સમુદાયથી સંબંધ ધરાવે છે.

ઉદયનિધિ સ્ટાલિને ફરી એકવાર કટાક્ષમાં પૂછ્યું કે શું આને જ આપણે સનાતન ધર્મ કહીએ છીએ? સ્ટાલિને મદુરૈમાં એક કાર્યક્રમમાં કહ્યું કે અમે તેની વિરુદ્ધ અવાજ ઊઠાવતાં રહીશું. ઉદયનિધિએ એ વાત પર ભાર મૂક્યો કે આશરે ૮૦૦ કરોડના ખર્ચે તૈયાર કરાયેલા નવા સંસદ ભવનનો પ્રોજેક્ટ યાદગાર છે. તેમ છતાં ભારતના પ્રથમ નાગરિક હોવા છતાં રાષ્ટ્રપતિ મુર્મુને આમંત્રિત ન કરાયા કેમ કે તેમની આદિવાસી પૃષ્ઠભૂમિ અને એક વિધવા હોવાને લીધે તેમને આ કાર્યક્રમથી દૂર રાખવાનો નિર્ણય લેવાયો.

ઉદયિનિધિએ કહ્યું કે નવા સંસદ ભવનનું ઉદઘાટન કરાયું. તમિલનાડુથી અધિનમોને બોલાવાયા પણ ભારતના રાષ્ટ્રપતિને આમંત્રણ નહીં કેમ કે તે એક વિધવા છે અને આદિવાસી સમુદાયથી છે, શું આ જ સનાતન ધર્મ છે? મુર્મુને ન તો પહેલા નવા સંસદ ભવનના ઉદઘાટનમાં આમંત્રિત કરાયા અને ન તો વર્તમાન વિશેષ સત્રમાં આમંત્રિત કરાયા.

આ ઉપરાંત ઉદયનિધિ સ્ટાલિને કહ્યું કે જ્યારે મહિલા અનામત બિલ સંસદમાં રજૂ થયું ત્યારે બોલીવૂડની અભિનેત્રીઓને બોલાવાઈ પણ રાષ્ટ્રપતિને તેમની વ્યક્તિગત પરિસ્થિતિઓને લીધે તેનાથી દૂર રખાયા. આ ઘટનાઓ આવા નિર્ણયો પર સનાતન ધર્મના પ્રભાવનો સંકેત આપે છે.

કેનેડા અને ભારત વચ્ચે રાજદ્વારી સબંધો વધુ વણસ્યા

ભારતે કેનેડિયન લોકો માટેના વિઝા હાલ પૂરતા સ્થગિત કર્યા

કેનેડામાં હાઈ કમિશન અને કોન્સ્યુલેટ દ્વારા સામનો કરવામાં આવતા સુરક્ષા જોખમોને જોતા સામાન્ય કામગીરીમાં વિક્ષેપ પડ્યો છેઃ વિદેશ મંત્રાલયના પ્રવક્તા

નવી દિલ્હી, તા.૨૧

કેનેડા અને ભારત વચ્ચે રાજદ્વારી સબંધો વણસ્યા છે. કેનેડાએ ખાલિસ્તાન તરફી વલણ દાખવતાં કેન્દ્રએ સરકારે મોટો નિર્ણય લીધો છે. ખાલિસ્તાન સમર્થક નિજ્જર હત્યા કેસ મામલે ભારત-કેનેડાના સંબંધમાં ખટાશ જોવા મળી રહી છે. એવામાં આજે વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ કહ્યું કે, કેનેડિય લોકો માટેની વિઝા પ્રોસેસને હાલ પૂરતી સ્થગિત કરવામાં આવી છે.

કેનેડામાં વિઝા સેવાઓ પર, એમઈએના પ્રવક્તા અરિંદમ બાગચીએ કહ્યું કે, કેનેડામાં હાઈ કમિશન અને કોન્સ્યુલેટ દ્વારા સામનો કરવામાં આવી રહેલા સુરક્ષા જોખમોથી તમે બધા વાકેફ છો. આનાથી તેમની સામાન્ય કામગીરીમાં વિક્ષેપ પડ્યો છે. હાઈ કમિશન અને કોન્સ્યુલેટ્સ અસ્થાયી રૂપે પ્રક્રિયા કરવામાં અસમર્થ છે. માટે હાલમાં કેનેડિયન લોકોને ભારતના વિઝા નહીં મળે. અમે આ પરિસ્થિતિની સમીક્ષા કરી રહ્યા છીએ.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ વિવાદ વચ્ચે આજે કરેલી પ્રેસ કોન્ફરન્સ કહ્યું કે, કેનેડા આતંકવાદીઓનું આશ્રયસ્થાન બની ગયું છે, પાકિસ્તાન તેને મદદ કરી રહ્યું છે. વિદેશ મંત્રાલયના પ્રવકતા બાગચીએ કહ્યું કે, હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ભારતીય એજન્ટોની સંભવિત સંડોવણીના આરોપ રાજકીય પ્રેરિત છે. હકીકતમાં, તાજેતરમાં કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટૂડોએ દાવો કર્યો હતો કે નિજ્જરની હત્યામાં ભારતીય એજન્ટનો હાથ હોઈ શકે છે. જોકે, ત્યારબાદ વિદેશ મંત્રાલય દ્વારા આ આરોપોને ફગાવી દેવાયા હતા.

ભારત-કેનેડા વચ્ચે ઉભા થયેલો ગજગ્રાહ નવી ચરમસીમાએ પહોંચ્યો છે. ખાલિસ્તાની નેતાની હત્યાનો આરોપ ભારત સરકાર પર લગાવ્યા બાદ કેનેડા સાથેના ભારતના સંબંધો વણસી રહ્યાં છે. બંને દેશોએ એક બીજાના રાજદ્વારીની હકાલપટ્ટી કર્યા બાદ હવે આજે સવારના અહેવાલ અનુસાર ભારતે કેનેડાવાસીઓને આપવામાં આવતા વિઝા સ્થગિત રાખવાનો નિર્ણય કર્યો છે.

કેનેડિયનોને આપવામાં આવતા ભારતના વિઝા પર સસ્પેન્શનની જાહેરાત બાદ સ્થિતિ વધુ વણસી રહી હોવાના સંકેત મળી રહ્યાં છે. જોકે અગાઉ હવે ૧ વાગ્યાના સુમારે આ વિઝા સસ્પેન્ડ કરવાની જાહેરાત કરનાર કેનેડા વિઝા સર્વિસ સંભાળતી કંપની બીએલએસ ઈન્ટરનેશનલે એકાએક સવારે બહાર પાડેલ નોટિસ હટાવી દીધી હતી. કંપનીની વેબસાઈટ પરથી કેનેડિયન નાગરિકો માટે વિઝા સેવાઓ સસ્પેન્ડ કરવા અંગેની નોટિસ પાછી ખેંચી લીધી હતી.

બીએલએસ ઈન્ટરનેશનલ, વિઝા સુવિધાઓ ઓફર કરતી ભારતીય કંપનીએ અગાઉ કહ્યું હતું કે કેનેડામાં ભારતીય મિશનની નોટિસમાં "આગામી સૂચના સુધી" વિઝા સેવાઓ સ્થગિત કરવા માટે "ઓપરેશનલ કારણો" ટાંકવામાં આવ્યા છે.

જોકે હવે આ અસમંજસની સ્થિતિમાં સૌની નજર ભારત સરકાર એટલેકે વિદેશ મંત્રાલય તરફ છે. ન્યૂઝ એજન્સી દ્વારા ભારતના વિદેશ મંત્રાલયના પ્રવક્તાને પૂછવામાં આવેલા પ્રશ્નોનો જવાબ નહોતો આપ્યો.

મંગળવારે કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટૂડોએ હાઉસ ઓફ કોમન્સમાં જણાવ્યું હતું કે, કેનેડાની સુરક્ષા એજન્સીઓ કેનેડિયન નાગરિક હરદીપસિંહ નિજ્જરની હત્યા અને ભારત સરકારની સંભવિત સંડોવણીના વિશ્વસનીય આરોપોની સક્રિય તપાસ કરી રહી છે. હરદીપસિંહ નિજ્જરની હત્યાના દોષિતોને ન્યાયના કઠેડામાં ઊભા કરવા માટે સુરક્ષા એજન્સીઓ દ્વારા જરૂરી પગલાં લેવાશે.

જસ્ટિન ટૂડોએ જણાવ્યું હતું કે કેનેડાએ ભારત સરકારના ટોચના અધિકારીઓ અને સુરક્ષા અધિકારીઓ સમક્ષ આ મુદ્દો ઉઠાવ્યો છે. ગયા સપ્તાહે મેં જી-૨૦માં વ્યક્તિગતરૂપે સીધા વડાપ્રધાન નરેન્દ્ર મોદી સમક્ષ પણ આ મુદ્દો ઉઠાવ્યો હતો. કોઈપણ કેનેડિયન નાગરિકની અમારી જ ધરતી પર હત્યામાં કોઈ વિદેશી સરકારની સંડોવણી અમારી સંપ્રભુતાનો ભંગ છે.

કેનેડાના વડાપ્રધાન ટૂડો આટલેથી જ રોકાયા નહોતા. તેમના આ નિવેદન પછી કેનેડાએ ભારતના ટોચના રાજદૂત પવન કુમાર રાયને દેશમાંથી નીકળી જવાનો આદેશ આપ્યો હતો. ટૂડોએ પવન કુમાર રાયને ભારતની ગુપ્તચર સંસ્થા રૉના એજન્ટ ગણાવ્યા હતા.

વિદેશ મંત્રી મેલાની જોલીએ કહ્યું કે, ટૂડોની વાત સાચી સાબિત થાય તો તે અમારી સંપ્રભુતા અને એકબીજા સાથેના સંબંધોના પાયાના નિયમોનો ભંગ ગણાશે તેથી અમે ભારતના ટોચના ડિપ્લોમેટને કાઢી મૂક્યા છે.

પીએમ ટૂડો આ બાબત અમેરિકન પ્રમુખ બાઈડેન સમક્ષ પણ ઉઠાવી ચૂક્યા છે. હરદીપ નિજ્જરની ૧૮ જૂને ગોળી મારીને હત્યા કરી દેવાઈ હતી.

કેનેડા ભારતનું ૧૭મું સૌથી મોટું વિદેશી રોકાણકાર છે. કેનેડાએ વર્ષ ૨૦૦૦થી ૩.૬ બિલિયન ડોલરથી વધુનું રોકાણ કર્યું છે. ભારતીય શેરબજાર અને ડેટ માર્કેટમાં કેનેડિયન પોર્ટફોલિયો રોકાણકારોનું અબજો ડોલરનું રોકાણ છે.આ સિવાય ૨૦૧૮થી કેનેડામાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે ભારત સૌથી મોટો સ્રોત દેશ છે. કેનેડિયન બ્યુરો ઓફ ઈન્ટરનેશનલ એજ્યુકેશનના ડેટા અનુસાર ૨૦૨૨માં ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા ૪૭% વધીને લગભગ ૩૨૦,૦૦૦ થઈ ગઈ છે અને કુલ વિદેશી વિદ્યાર્થીઓના લગભગ ૪૦% હિસ્સો ભારતીય ધરાવે છે.

ભરૂચ જિલ્લામાં વિનાશક પુરને કારણે ભારે તારાજી

૧ લાખ પરિવારો 3 દિવસ ભૂખ્યાં-તરસ્યાં રઝળ્યા

અસરગ્રસ્ત લોકોએ મંત્રી હળપતિનો ઉધડો: લોકોએ કહ્યું કે, તમારી ચાપલૂસી અમને ભારે પડી, જુઓ ચારેકોર તબાહી મચી છે

અમદાવાદ, તા.૨૧

ભરૂચ જિલ્લામાં આવેલાં વિનાશક પુરને કારણે ભારે તારાજી સર્જાઈ છે. ૧ લાખ પરિવારો ૩ દિવસ ભૂખ્યાં, તરસ્યાં, અંધારપટમાં રઝડતા રહ્યાં.

મામલો ગંભીર બનતા સરકારના મંત્રી કુંવરજી હળપતિ સરકારી મલમ લગાડવા આવ્યાં. ત્યારે અચાનક જનાક્રોશ ફાટી નીકળ્યો. અસરગ્રસ્ત લોકોએ મંત્રી હળપતિનો ઉધડો લીધો. લોકોએ કહ્યું કે, તમારી ચાપલૂસી અમને ભારે પડી, જુઓ ચારેકોર તબાહી મચી છે. એક લાખથી વધુ પરિવારો આ પ્રકારે પાણી છોડવાને કારણે ૩ દિવસ ભૂખ્યાં-તરસ્યાં અંધારપટ્ટમાં રહ્યાં. અસરગ્રસ્તોએ રોકડું પરખાવ્યું, સરકારે જ નુકસાન કર્યુ છે ને હવે ક પૂછવા આવ્યા છોઃ ઘર-દુકાનોમાં જઈને જુઓ, કેવી હાલત છે.

ઉલ્લેખનીય છેકે, સરદાર સરોવર ડેમમાંથી છોડાયેલા ૧૯ લાખ ક્યુસેક પાણીના કારણે નર્મદા નદી ગાંડીતૂર બનતા ભરૂચ જિલ્લો પૂરના પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. ઉલ્લેખનીય છેકે, ૧૭ સપ્ટેમ્બરે આ પાણી છોડાયું હતું અને તે દિવસે પ્રધાનમંત્રી મોદીનો જન્મદિવસ હતો. ભરૂચ જિલ્લાના અંદાજીત ૧ લાખ પરિવારોને ત્રણ દિવસ સુધી ભૂખ્યા તરસ્યા અને લાઈટ વિના પૂરના ભયાનક પાણી વચ્ચે સમય વિતાવવો પડયો તેનો જનઆક્રોશ બુધવારે જોવા મળ્યો હતો. જેમાં પ્રભારી મંત્રી, જન પ્રતિનિધિઓ અને અધિકારીઓ લોકોના રોષનો શિકાર બન્યા હતા. ભરૂચના દાંડીયાબજાર વિસ્તારમાં પ્રભારીમંત્રી કુંવરજી હળપતિનો ઉશ્કેરાયેલા લોકોએ ઉધડો લેતાં ચાલતી પકડી હતી. ધારાસભ્ય રમેશ મિસ્ત્રીની ઉપસ્થિતિમાં જ રોષે ભરાયેલા યુવાન અને મહિલાઓએ ભાજપના ટોચના નેતાઓને અપશબ્દો કહ્યા હતા.

જોકે, આ સમગ્ર મામલે મંત્રી કુંવરજી હળપતિએ ઉડાઉ જવાબ આપતા જણાવ્યુંકે, આમાં મુખ્યમંત્રીની કોઈ જવાબદારી આવતી નથી. જાણીબૂઝીને પાણી છોડ્યું નથી. પાણી છોડવું જરૂરી હોવાથી છોડવામાં આવ્યું છે. લોકોનો રોષ જોઈને મંત્રી અને નેતાઓ તાત્કાલિક ત્યાંથી ચાલતી પકડી લીધી હતી.

લોકોએ સરકારને ગાળો ભાંડી હતી, તેનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. નર્મદા નદીમાં આવેલા વિનાશક પૂરના પાણી ધીમે ધીમે ઓસરી રહ્યા છે, પરંતુ તેની સામે પ્રજાનો આક્રોશ દિન- પ્રતિદિન વધી રહ્યો છે. પૂરના પાણી જે વિસ્તારોમાં ૧૦થી ૧૨ ફૂટ જેટલા ભરાયા હતા, તેવા વિસ્તારોમાં ભારે તારાજી સર્જાઈ છે.

આજે રાજય સરકારના આદિજાતિ વિકાસ મંત્રી અને જિલ્લાના પ્રભારી મંત્રી કુંવરજી હળપતિ સ્થાનિક પદાધિકારીઓ અને અધિકારીઓ સાથે ભરૂચ, અંક્લેશ્વર, હાંસોટ અને ઝઘડીયા તાલુકાના અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે ગયા હતા.

મંત્રી કુંવરજી હળપતિ ભરૂચના દાંડીયાબજાર વિસ્તારની મુલાકાતે ગયા ત્યારે તેમને સ્થાનિક રહીશોના આકોશનો સામનો કરવો પડયો હતો. પૂરના પાણીમાં સર્વસ્વ ગુમાવી ચૂકનાર લોકોના ટોળા મંત્રીને જોઈ આવેશમાં આવી ગયા હતા અને મંત્રીનો ઘેરાવ કરી રોષ ઠાલવતા જણાવ્યુ હતુ કે, એક રૂપિયો પણ સહાય નહીં આવે. અમને ખબર છે. અમને પૂરના પાણીથી જે નુકસાન થયુ છે તેનાથી અમારા કુટુંબમાં એક સાંધે ત્યાં તેર તૂટે જેવી સ્થિતિ ઉભી થઈ છે.

સરકારી સહાયની આશામાં અનેક પરિવારોએ પોતાના કાચા મકાનો પાડી નાખ્યા

હદ થઈ : ચલાલાનાં અનેક લાભાર્થીઓને એક વર્ષથી પ્રધાનમંત્રી આવાસ યોજનાનો લાભ મળતો નથી

એક વર્ષથી અનેક પરિવારો ભાડાનાં મકાનમાં રહેવા મજબૂર બન્યા

અમરેલી, તા. ૨૧

અમરેલી જિલ્લાનું હાર્દસમું ચલાલા શહેર આજે તંત્રની ક્રૂર અને તાનાશાહ વૃત્તિ અને રાજકીય મહાનુભાવોની આળસ ઉદાસીનતા અને નિષ્ક્રિયતાનાં કારણે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા ઝઝુમી રહ્યાં છે તો જનતા ઘંટીનાં બે પડ વચ્ચે અનાજ પિસાઈ તેમ પિસાઈ રહી છે. કેમ કે ચાલીસ હજારની માનવ વસ્તી ધરાવતા ચલાલા જેવાં ભાતિગળ ઐતિહાસિક અને પવિત્ર યાત્રાધામમાં શિક્ષણ, આરોગ્ય, સુરક્ષા સહિત સીટી સર્વે, બીએસએનએલ, પશુ સારવાર કેન્દ્ર, બેન્કિંગ સેવાઓ તથા ધોરણ અગીયાર, બાર બંધ જેવી અનેક આવશ્યક સેવાઓ બંધ થઈ ગઈ છે તો ઘણી મૃતપ્રાય સ્થિતિમાં છે. ત્યારે ચલાલાની જનતા જાણે ધણી વિનાની હોય અને ચલાલા જાણે અન્ય દેશનો હિસ્સો હોય તેવો અનુભવ શહેરની જનતા કરી રહી છે.

કેમ કે ચલાલા શહેરમાં ઘણાં વડાપ્રધાન આવાસ યોજનાનાનો લાભ લઈ ચુકયાં છે

તદુઉપરાંત ચલાલા શહેરનાં ઘણાં ગરીબ, સામાન્ય અને મધ્યમવર્ગના લોકોએ વડાપ્રધાન આવાસ યોજનાના ફોર્મ ભરી ચલાલા નગરપાલિકાનાં આવાસ યોજનાના સુપરવાઈઝરે બધાં આધાર પુરાવાની ખરાઈ કરી ગાંધીનગર મુકામે વડાપ્રધાન આવાસ યોજનાની દરખાસ્ત લગભગ એક વર્ષથી મંજૂરી માટે મોકલી હોવાં છતાં આજ દિવસ સુધી માત્ર એક મંજુરીનાં અભાવે ઘણાં લાભાર્થીઓ આ સહાયથી વંચિત છે.

ત્યારે ઘણાં પરિવારોએ આવાસ યોજનાની સહાય મળવાની આશા અપેક્ષા રાખી પોતાનાં રહેણાંકનાં મકાનો જમીનદોસ્ત કરી નાખ્યાં છે અને હાલ તેઓ શહેરમાં ભાડે મકાન રાખી રહેવા મજબૂર બન્યા છે.

ત્યારે પોતાના હતાં તે કાચાં પાકાં મકાનો પાડી નાખ્યાં અને હવે સહાય મંજુર ન થતાં આવાં અનેક લાભાર્થીઓ મુશ્કેલીમાં મુકાયાં છે. ત્યારે અમરેલી જીલ્લાની સાવરકુંડલા, મહુવા સહિત ઘણી નગરપાલિકાઓમાં આવાસ યોજનાની સહાય પેટે કરોડો રૂપિયા મંજૂર થયાં છે પણ કરમની કઠણાઈ ગણો કે તંત્રનાં જવાબદાર અધિકારીઓની ઓરમાય નીતી કે રાજકીય મહાનુભાવોની નિષ્ફળતા અને નિષ્ક્રિયતા ગણો પણ એક વર્ષથી મંજૂરી માટે ગયેલ ફાઈલ મંજૂર થઈ આવી નથી અને લાભાર્થીઓ કફોડી હાલતમાં મુકાયાં છે તેટલું જ નહી પણ ચલાલાનાં અનેક ખેડૂતો કિસાનનિધીની રકમ પણ છેલ્લા બે વર્ષથી મળી નથી.

ત્યારે રાજકીય મહાનુભાવો અને તંત્ર જો પોતાની ફરજ સમજીને આવાં લાભાર્થીઓ પ્રત્યે થોડી ઘણી સંવેદના દાખવે ઘણાં પરિવારોને પોતાનો આશરો બની શકે તેમ છે તો સત્તા અને જવાબદારીનાં ભાગરૂપે નહી પણ આવાં પરિવારોને કફોડી પરિસ્થિતિમાંથી ઉગારવા તત્પરતા દાખવે તેવી અખબારી યાદીમાં અશોકસિંહ તલાટીયા જાણાવે છે.

સાવરકુંડલાનાં વેપારી સાથે રૂપિયા ૧૬ લાખની છેતરપીંડી

અમરેલી, તા. ૨૧

સાવરકુંડલા ગામે સાધના સોસાયટીમાં રહેતા અને સાવરકુંડલા માર્કેટીંગ યાર્ડમાં શીંગ, કપાસ ચણાની ખરીદી કરી તેનું જીનીંગ મીલમાં વેંચાણ કરવાનો વેપાર કરતા તારીકભાઈ ઉર્ફે મુન્નાભાઈ અલારખાભાઈ નાસરે સાવરકુંડલામાં રહેતા ભાવેશભાઈ ગુણાભાઈ લાડવા તથા ગુણાભાઈ જીવનભાઈ લાડવા નામના બંને પિતા પુત્રને સાવરકુંડલામાં મહુવા રોડ ઉપર નીકુંજ ટ્રેડીંગથી શીંગ, ચણા, કપાસ તથા ખેત પેદાશોનો વ્યવસાય કરતા હોય તેની સાથે ત્રણેક વર્ષથી પરિચયમાં હોય તેઓએ વર્ષ ૨૦૨૨માં જણાવેલ કે ચણાનાં ધંધામાં પૈસાનું રોકાણ કરીએ તો નફો સારો રહે છે અને ધંધામાં ૪૦ થી ૫૦ લાખનું રોકાણ કરવું પડે. પરંતુ એટલી મોટી રકમની સગવડ ન હોય જેથી અમારા કોમન મિત્ર મનીષભાઈ પરશોતમભાઈ પટેલ રહે. સાવરકુંડલાવાળા ભાવેશભાઈ, ગુણાભાઈ, મનીષભાઈ અને અમો ભાગમાં ધંધો કરીએ. જે વિચાર કર્યા બાદ અમોએ ભાવેશભાઈ તથા ગુણાભાઈ સાથેની મિત્રતાનાં નાતે પૈસા કમાવવાનાં ઈરાદે ધંધા પેટે પૈસા આપવાનું નક્કી કરેલ અને તા.૮/૩/૨૨નાં રોજ આ નીકુંજ ટ્રેડીંગનાં બેન્ક ખાતામાં રૂા. ૬૦,૦૦,૦૦૦ આર.ટી.જી.એસ. કરેલ અને રૂપિયા ૨,૦૦,૦૦૦ રોકડા ભાવેશભાઈને આપેલ હતા. બાદ તા.૧૦/૦૩/૨૨નાં રોજ નીકુંજ ટ્રેડીંગનાં બેન્ક ખાતામાં રૂપિયા ૮,૦૦,૦૦૦ આપેલ હતા આમ કુલ રૂપિયા ૧૬,૦૦,૦૦૦ આપેલ હતા. અને આ પૈસાથી નીકુંજ ટ્રેડીંગનાં નામે ભાવેશભાઈ તથા ગુણાભાઈ પાસે મુળ રકમ તથા નફાનાં પૈસાની માંગણી કરતા ભાવેશભાઈ તથા ગુણાભાઈ અમોને અલગ અલગ બહાના બતાવી પૈસાની સગવડ થશે ત્યારે તમારા ભાગનાં પૈસા આપી દઈશું તેવો વિશ્વાસ આપતા પરંતુ આજદીન સુધી અમોએ ચણામાં રોકાણ કરેલ રૂા.૧૬૦૦૦/– પરત નહી કરી વિશ્વાસઘાત છેતરપીંડી કર્યાની ફરિયાદ નોંધાવેલ છે.

PM મોદીના કાર્યક્રમમાં થયો ફેરફાર

વડાપ્રધાન ૨૭ સપ્ટેમ્બરે આવશે ગુજરાત કરોડોના વિકાસકાર્યોની

અમદાવાદના કાર્યક્રમ બાદ પીએમ મોદી બોડેલી જશે, જ્યાં શિક્ષણ વિભાગના ૫ હજાર કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ કરશે

અમદાવાદ, તા. ૨૧

પીએમ નરેન્દ્ર મોદીના ગુજરાત પ્રવાસના કાર્યક્રમમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ૨ ઓક્ટોબરના બદલે પીએમ મોદી ૨૭ સપ્ટેમ્બરે ગુજરાતની મુલાકાત લેશે. મહિલા અનામત બિલ પસાર થયા બાદ તેમની આ પ્રથમ ગુજરાત મુલાકાત હોવાથી ભાજપ દ્વારા તેમના સ્વાગત માટે ભવ્ય આયોજન કર્યું છે. પીએમ મોદીના સ્વાગત માટે એરપોર્ટ પર મહિલા સંમેલન યોજવામાં આવશે.પીએમ નરેન્દ્ર મોદીના ગુજરાત પ્રવાસના કાર્યક્રમમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ૨ ઓક્ટોબરના બદલે પીએમ મોદી ૨૭ સપ્ટેમ્બરે ગુજરાતની મુલાકાત લેશે. મહિલા અનામત બિલ પસાર થયા બાદ તેમની આ પ્રથમ ગુજરાત મુલાકાત હોવાથી ભાજપ દ્વારા તેમના સ્વાગત માટે ભવ્ય આયોજન કર્યું છે. પીએમ મોદીના સ્વાગત માટે એરપોર્ટ પર મહિલા સંમેલન યોજવામાં આવશે.આ સંમેલનમાં ૧૦ હજારથી વધુ મહિલાઓ સામેલ થાય તેવી કવાયત હાથ ધરાશે. આ પ્રસંગે મહિલાઓ પીએમ મોદીનું ભવ્ય સ્વાગત કરશે. કાર્યક્રમના આયોજનને લઈ અમદાવાદ ભાજપમાં બેઠકોનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. અમદાવાદના કાર્યક્રમ બાદ પીએમ મોદી બોડેલી જશે. જ્યાં શિક્ષણ વિભાગના ૫ હજાર કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ કરશે.

કેનેડાનો ભારતની ટ્રાવેલ એડવાઇઝરીને જવાબ

પબ્લિક સેફટી મિનિસ્ટર લેબ્લેક્રે કહ્યું કે કેનેડા એક સુરક્ષિત દેશ છે

દેશમાં ખાલિસ્તાની તરફી તત્વોની વધતી ગતિવિધિઓને જોતા કેટલાક મહિનાઓથી ભારત-કેનેડા સંબંધોમાં તણાવ

નવી દિલ્હી, તા. ૨૧

કેનેડાની સરકારે ભારતની ટ્રાવેલ એડવાઈઝરીને ફગાવી દીધી હતી. તમને જણાવી દઈએ કે કેન્દ્રીય વિદેશ મંત્રાલયે વધતી જતી ભારત વિરોધી ગતિવિધિઓ અને નફરતના ગુનાઓ વચ્ચે કેનેડાની યાત્રા કરવાની યોજના બનાવી રહેલા ભારતીયોને ’અત્યંત સાવધાની’ રાખવા કહ્યું હતું. રોઈટર્સના અહેવાલ મુજબ, નવી દિલ્હીની ચેતવણીને નકારી કાઢતા કેનેડાના પબ્લિક સેફટી મિનિસ્ટર ડોમિનિક લેબ્લેક્રે કહ્યું કે કેનેડા એક સુરક્ષિત દેશ છે. ભારતની ટ્રાવેલ એડવાઈઝરી નવી દિલ્હી અને કેનેડા વચ્ચેના બગડતા સંબંધો દર્શાવે છે. નોંધનીય છે કે કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રૂડોએ દાવો કર્યો હતો કે જૂનમાં ભારત સરકારના એજન્ટો અને ખાલિસ્તાન સમર્થક આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા વચ્ચે ’સંભવિત સંબંધ’ છે.

ભારતે મંગળવારે આરોપોને "વાહિયાત" અને "પ્રેરિત" તરીકે ફગાવી દીધા હતા અને કેનેડાના બદલામાં એક વરિષ્ઠ કેનેડિયન રાજદ્વારીને આ કેસમાં ભારતીય અધિકારીની હકાલપટ્ટી કરી હતી. ભારતની ટ્રાવેલ એડવાઈઝરી જણાવે છે કે, ’તાજેતરમાં ધમકીઓએ ખાસ કરીને ભારતીય રાજદ્વારીઓ અને ભારતીય સમુદાયના તે વર્ગોને નિશાન બનાવ્યા છે જેઓ ભારત વિરોધી એજન્ડાનો વિરોધ કરે છે. તેથી, ભારતીય નાગરિકોને સલાહ આપવામાં આવે છે કે તેઓ કેનેડામાં એવા વિસ્તારો અને સંભવિત સ્થળોએ મુસાફરી કરવાનું ટાળે જ્યાં આવી ઘટનાઓ જોવા મળી છે.ઉત્તરી અમેરિકાના દેશમાં ખાલિસ્તાની તરફી તત્વોની વધતી ગતિવિધિઓને જોતા છેલ્લા કેટલાક મહિનાઓથી ભારત-કેનેડા સંબંધોમાં તણાવ જોવા મળ્યો છે. ભારત માને છે કે ટૂડો સરકાર તેની વાસ્તવિક ચિંતાઓ પર ધ્યાન આપી રહી નથી.

ભારતની ટ્રાવેલ એડવાઈઝરીને કેનેડાની ટ્રાવેલ ઈન્ફોર્મેશન વિરૂદ્ધ જેવા સાથે તેવા પ્રતિક્રિયા રૂપમાં પણ જોવામાં આવે છે, જે બંને દેશો વચ્ચે વધતા તણાવ વચ્ચે અગાઉ અપડેટ કરવામાં આવી હતી.

આમાં પ્રવાસીઓને ભારતમાં ’આતંકવાદી હુમલાના ખતરા’ના કારણે ’ઉચ્ચ સ્તરની સાવધાની’ રાખવાની સલાહ આપવામાં આવી હતી. ઓટાવામાં ભારતીય હાઈ કમિશનની વેબસાઈટ અનુસાર, કેનેડામાં ૨૩૦,૦૦૦ ભારતીય વિદ્યાર્થીઓ અને ૭૦૦,૦૦૦ બિન-નિવાસી ભારતીયો છે.

સરકારી ભરતીની તૈયારી કરતાં ઉમેદવારો માટે ગુડ ન્યૂઝ

રાજ્યની જીલ્લા તેમજ તાલુકા કોર્ટોમાં ૨૬૫૬ નવીન જગ્યાઓ ઉભી કરાઈ

અમદાવાદ, તા. ૨૧

રાજ્યમાં આવેલી જીલ્લા તેમજ તાલુકા કોર્ટોમાં ખાલી રહેલી વિવિધ જગ્યાઓ પર ભરતી આગામી ટૂંક સમયમાં ભરતી કરવામાં આવનાર છે.

જેને લઈ હાઈકોર્ટનાં પત્રનાં આધારે કાયદા વિભાગ દ્વારા રાજ્યની જીલ્લા તથા તાલુકા કોર્ટમાં નવીન જગ્યાએ ઉભી કરવાનો નિર્ણય કર્યો છે.

જેને લઈ જીલ્લા તથા તાલુકા કોર્ટેમાં કુલ ૨૬૫૬ નવી જગ્યાઓ ઉભી કરાશે.રાજ્યની જીલ્લા કોર્ટોમાં ૧૮૭૧ તો તાલુકા કોર્ટોમાં ૭૮૫ જગ્યાઓ ઉભી કરવામાં આવી છે.

જેમાં રજીસ્ટ્રાર, એડિશનલ રજીસ્ટ્રાર, અંગ્રેજી સ્ટેનોગ્રાફર, ગુજરાતી સ્ટેનોગ્રાફરની જગ્યાઓ ઉભી કરાઈ છે. જેમાં આસિસ્ટન્ટ ટૂ પ્રિન્સિપલ વર્ગ ૧ ની જગ્યાઓ ઉભી કરાઈ છે. તેમજ વર્ગ ૨ ની ગુજરાતી અને અંગ્રેજી સ્ટેનોગ્રાફર અને વર્ગ ૩ માં હેડકલાર્કની જગ્યાઓ ઉભી કરાઈ છે. તેમજ સિનિયર કલાર્ક, આસિસ્ટન્ટની તથા લાયબ્રેરિયનની પણ જગ્યાઓ ઉભી કરાઈ છે.

એશિયન ગેમ્સ ફૂટબોલમાં ભારતનો પ્રથમ વિજય

એશિયન ગેમ્સ ફૂટબોલમાં ભારતનો બાંગ્લાદેશની સામે ૧-૦થી વિજય

નવી દિલ્હી, તા. ૨૧

ભારતીય ફૂટબોલ ટીમે એશિયન ગેમ્સમાં બાંગ્લાદેશને ૧-૦થી હરાવ્યું છે. સુનીલ છેત્રીની કેપ્ટનશીપ હેઠળ આ ભારતીય ટીમની પ્રથમ જીત છે. આ અગાઉ ચીન સામેની મેચમાં ભારતીય ટીમને હારનો સામનો કરવો પડ્યો હતો.

પરંતુ બાંગ્લાદેશ સામે ભારતીય ટીમે શાનદાર વાપસી કરી હતી. સુનીલ છેત્રીએ છેલ્લી ઘડીએ ગોલ કર્યો હતો. ભારતીય ફૂટબોલ ટીમના કેપ્ટન સુનીલ છેત્રીએ આ મેચનો એકમાત્ર ગોલ ૮૫મી મિનિટે કર્યો હતો. બંને ટીમોના ખેલાડીઓ શરૂઆતથી જ ગોલ કરવાનો ભરસક પ્રયાસ કરી રહ્યા હતા, પરંતુ કોઈને પણ સફળતા મળી ન હતી. ભારત-બાંગ્લાદેશના ખેલાડી મેચના પ્રથમ હાફ સુધી કોઈ ગોલ કરી શક્યા ન હતા. જો કે ભારતીય ટીમે બીજા હાફમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. બંને ટીમોના ખેલાડીઓએ ગોલ કરવાના ઘણાં મોકા મળ્યા હતા પરંતુ તેનો ફાયદો ઉઠાવવામાં નિષ્ફળ રહ્યા હતા. આ મેચમાં શરૂઆતની ૨૦ મિનિટમાં બાંગ્લાદેશના ખેલાડીઓનું વર્ચસ્વ જોવા મળ્યું હતું, પરંતુ તે પછી ભારતીય ખેલાડીઓએ વાપસી કરી હતી. બાંગ્લાદેશને મ્યાનમાર અને ભારતને ચીન સામે પ્રથમ મેચમાં હારનો સામનો કરવો પડ્યો હતો, જેથી બંને ટીમો માટે આ મેચ ખુબ મહત્વપૂર્ણ હતું. એક સમયે એવું લાગી રહ્યું હતું કે મેચ બરાબરી તરફ આગળ વધી રહી છે. પરંતુ સુનીલ છેત્રીએ ૮૫મી મિનિટે ગોલ કરી ભારતીય ટીમને જીત અપાવી હતી. તેણે આ ગોલ પેનલ્ટી કોર્નર પર કર્યો હતો.

ભ્રષ્ટાચારના કેસમાં ઈમરાન ખાનની ધરપકડ થઈ છે

ઈમરાન સામે ગુનાહિત કાવતરાનો આરોપ, ફાંસીની સજા થઈ શકે

ઈમરાન ખાન પર સૈન્ય ઠેકાણાઓ પર હુમલાનું ષડયંત્ર રચવાનો અને લોકોને હિંસા માટે ભડકાવવાનો આરોપ

ઈસ્લામાબાદ, તા. ૨૧

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાન પર ૯મી મેના રોજ થયેલી હિંસામાં ‘ગુનાહિત કાવતરું’ રચવાનો આરોપમાં લાગ્યો છે, જેની વધુમાં વધુ સજા ફાંસી હોવાનું કહેવાય છે.

સમાચાર એજન્સીએ પંજાબ (પાકિસ્તાન)ના વરિષ્ઠ પોલીસ અધિકારીને ટાંકીને જણાવ્યું છે કે, ઈમરાન ખાન પર સૈન્ય ઠેકાણાઓ પર હુમલાનું ષડયંત્ર રચવાનો અને લોકોને હિંસા માટે ભડકાવવા માટે ‘ગુનાહિત કાવતરું’નો આરોપ લાગ્યો છે.

ઉલ્લેખનિય છે કે, ભ્રષ્ટાચારના કેસમાં ૯મી મેના રોજ ઈમરાન ખાનની ધરપકડ કરવામાં આવી હતી. ધરપકડ બાદ પાકિસ્તાનમાં હિંસાત્મક ઘટનાઓના અહેવાલો સામે આવ્યા હતા. હિંસા દરમિયાન રાવલપિંડીમાં સેનાના હેડક્વાર્ટર ઉપરાંત ડઝનથી વધુ સરકારી ઈમરતો પર આગ ચાંપવામાં આવી હતી, ત્યારે ઈમરાન ખાન સહિત તેમની પાર્ટી તહરીક-એ-ઈન્સાફ સહિત ઘણા નેતાઓ અને કાર્યકર્તાઓ પર લાહોર કોર કમાન્ડર હાઉસ અને અસ્કરી ટાવર પર હુમલા કરવાનો આરોપ લાગ્યો છે. લાહોર પોલીસના સિનિયર તપાસ અધિકારી અનૂશ મસુદે કહ્યું કે, ૯મી મેના રોજ સૈન્ય અને રાજ્યની ઈમરતો પર હુમલો કરવા માટે સમર્થકોને ભડકાવવા મામલે ઈમરાન ખાન, અન્ય પીટીઆઈ નેતાઓ અને કાર્યકર્તાઓ પર ગુનાહિત કાવતરું રચવાનો આરોપ લાગેલો છે. મસૂદે કહ્યું કે, ઈમરાન અને અન્યો ઉપર કલમ ૧૨૦-બી ઉપરાંત હિંસા ભડકાવવા, બળવો કરવા ઉશ્કેરવા અને પાકિસ્તાન વિરુદ્ધ યુદ્ધ કરવાના પ્રયાસ સંબંધીત અન્ય ૯ ગુનાઓના મામલા દાખલ કરવામાં આવશે.

ઉલ્લેખનિય છે કે, ઈમરાન ખાન ૫ ઓગસ્ટ-૨૦૨૩થી પંજાબ પ્રાંતની અટક જેલમાં બંધ છે. તોશાખાના મામલે ઈમરાનની ધરપકડ કરવામાં આવી હતી અને ત્યારબાદ ખાનને ૩ વર્ષની જેલની સજા ફટકારાઈ હતી.

આ મામલે થોડા દિવસો બાદ ખાનને જામીન મળી ગયા હતા. જોકે ત્યારબાદ સત્તાવાર ગોપનિયતા અધિનિયમ હેઠળ સિફર મામલે ખાનની ફરી ધરપકડ કરવામાં આવી હતી. આ મામલે ધરપકડ બાદ ઈમરાને જામીન માટે ઈસ્લામાબાદ હાઈકોર્ટનો દરવાજો ખટખટાવ્યો છે.

સિફર મામલો રાજદ્વારી દસ્તાવેજો સંબંધી છે. આ દસ્તાવેજો ઈમરાન ખાન પાસેથી કથિત રીતે ગાયબ થઈ ગયા છે. ઈમરાન ખાને આરોપ લગાવ્યો હતો કે, તેમને સત્તામાં હાંકી કાઢવા અમેરિકા દ્વારા ધમકી આપવામાં આવી છે.

કેનેડાની જાણો સાચી સ્થિતિ

કેનેડામાં ભણતા સવા લાખ ગુજરાતી વિદ્યાર્થીઓનો પરિવાર ચિંતામાં?

ભારતની રાજધાની દિલ્હીમાં યોજાયેલી જી૨૦ સમિટ બાદ ભારત અને કેનેડાના સંબંધોમાં થોડી ખટાશ આવી છે

નવી દિલ્હી, તા. ૨૧

ભારતની રાજધાની દિલ્હીમાં યોજાયેલી જી૨૦ સમિટ બાદ ભારત અને કેનેડાના સંબંધોમાં થોડી ખટાશ આવી હોય તેવું પ્રતિત થઈ રહ્યું છે. ભારતીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કેનેડાના પ્રધાનમંત્રી જસ્ટિન ટ્રુડો જી૨૦માં એક મંચ પર એક સાથે હતા. જોકે, આ સમિટ બાદ અચાનક સંબંધો જાણે બદલાયેલા બદલાયેલાં લાગી રહ્યાં છે.

ઉલ્લેખનીય છેકે, રાજદ્વારી દ્વંદ્ર વચ્ચે કેનેડા માટે ભારત સરકારે એડ્વાઈઝરી જાહેર કરી. કેનેડા અને ભારત વચ્ચે હાલ કથળેલા રાજદ્વારી સંબંધો વચ્ચે ભારત સરકારે બુધવારે કેનેડા જનારા ભારતીયો માટે સાવચેતી દાખવવાની સલાહ આપતી એડવાઈઝરી પ્રસિદ્ધ કરતાં અત્યારે જેમના સંતાનો કેનેડામાં ભણી રહ્યા છે અથવા સગાં-સંબંધી કેનેડામાં રહે છે તેવા ગુજરાતીઓમાં થોડીક ચિંતાનો માહોલ જોવા મળ્યો છે.

એક અંદાજ મુજબ, દર વર્ષે ગુજરાતમાંથી ૪૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ કેનેડાની જુદી જુદી યુનિવર્સિટી-કોલેજમાં અભ્યાસ માટે જાય છે. આ ઉપરાંત, વર્ષોથી સ્થાયી થયેલા ગુજરાતીઓના પરિજનો પણ અંદાજે તેમની મુલાકાતે ત્યાં જતા હોય તેઓ પણ હવે કમ સે કમ વિચારણા કરતા થયા હોવાનું મનાય છે.

ચાલુ વર્ષે આખા વર્લ્ડમાંથી અંદાજે ૯ લાખ જેટલા વિદ્યાર્થીઓએ કેનેડાની જુદી જુદી શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ મેળવ્યો હોવાનું જાણવા મળ્યું છે, જેમાથી ૧ લાખ ૮૫ હજાર એટલે કે, ૨૦ ટકા જેટલા વિદ્યાર્થી માત્ર ભારતનાં છે. ભારતમાંથી સૌથી વધુ પંજાબ અને હરિયાણામાથી વિદ્યાર્થીઓ કેનેડા ભણવા માટે જાય છે. ભારત સરકાર દ્વારા જાહેર કરાયેલ એડવાઈઝરીના કારણે રાજ્ય અને દેશના નાગરિકોમાં ચિંતા પ્રસરતાં તેનો ફાયદો ઉઠાવી એજન્ટો લૂંટ ચલાવે તો નવાઈ નહી તેવી ચર્ચા ઉઠી છે.

ગુજરાતની વાત કરવામાં આવે તો મહેસાણા, ગાંધીનગર, સાબરકાંઠા સહિતના વિસ્તારમાં સામાજિક પરીબળોના કારણે મોટી સંખ્યામાં લોકો વિદેશ જઈ રહ્યા છે, જેમાં અમેરીકા, ઓસ્ટ્રેલીયા અને કેનેડા પ્રથમ પસંદગી છે.

વિદેશ જવા માટે એજન્ટોને લાખો રૂપિયા ફી ચુકવવામાં આવે છે. જોકે હવે સરકારની એડ્વાઈઝરીના નામે એજન્ટો વીઝા પ્રોસેસ અઘરી બની હોવાના ખોટા કારણે આપી વધુ પૈસા ખંખેરવાનો કીમિયો અપનાવે તો નવાઈ નહી.

ત્રીજા નંબરે ગુજરાતના વિદ્યાર્થીઓની સંખ્યા હોય છે. ગુજરાતમાંથી દર વર્ષે હજાર વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવે છે, જે ચાલુ વર્ષે ગયેલા છે. બીજી તરફ ભારત સરકાર દ્વારા આજે ૨૦મી સપ્ટેમ્બરના રોજ સાવચેતી દાખવતી એડ્વાઈઝરી પ્રસિદ્ધ કરાતાં વાલીઓમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. ગુજરાત અને ભારતના વાલીઓમાં ઉઠેલી ચિંતાને લઈ કેનેડા સહિત વિશ્વના વિવિધ દેશોમાં વિદ્યાર્થીઓને ભણવા અર્થે મોકલનાર કન્સલ્ટન્ટે ને પૂછતા તેમણે જણાવ્યું હતુ કે, હું અત્યારે કેનેડામાં છું અને અહીં આ પ્રકારનો મોટી બાબત છે.

કોઈ ચિંતાનો માહોલ નથી. અહીં લોકોને કોઈ પ્રશ્ન મુદ્દે પ્રોટેસ્ટ કરવું જેટલા હોય તો પણ વિકઓફનો ઈંતેજાર કરતાં હોય છે. આ મામલો બંન્ને દેશના ઉચ્ચ લેવલનો છે જેમાં સામાન્ય વ્યક્તિ કે, વિદ્યાર્થીને કોઈપણ પ્રકારની મુશ્કેલી સર્જાય તેવુ હાલમાં જણાતું નથી. કેનેડામાં દર વર્ષે મોટી સંખ્યામાં ભારતીયો આવે છે અને સ્થાયી થાય છે. એટલુ જ નહી, કેનેડાની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં આખા વિશ્વમાંથી આવતા કુલ વિદ્યાર્થીઓ પૈકી ૨૦ ટકા જેટલાં ભારતમાંથી આવે છે, જે

કોઈ ચિંતાનો માહોલ નથી. અહીં લોકોને કોઈ પ્રશ્ન મુદ્દે પ્રોટેસ્ટ કરવું જેટલા હોય તો પણ વિકઓફનો ઈંતેજાર કરતાં હોય છે. આ મામલો બંન્ને દેશના ઉચ્ચ લેવલનો છે જેમાં સામાન્ય વ્યક્તિ કે, વિદ્યાર્થીને કોઈપણ પ્રકારની મુશ્કેલી સર્જાય તેવુ હાલમાં જણાતું નથી. કેનેડામાં દર વર્ષે મોટી સંખ્યામાં ભારતીયો આવે છે અને સ્થાયી થાય છે. એટલુ જ નહી, કેનેડાની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં આખા વિશ્વમાંથી આવતા કુલ વિદ્યાર્થીઓ પૈકી ૨૦ ટકા જેટલાં ભારતમાંથી આવે છે, જે મોટી બાબત છે.

અમરેલીનાં સાર્વજનિક ગણેશ ઉત્સવમાં મહાઆરતી યોજાઈ

અમરેલી નાગનાથ યુવક મંડળ દ્વારા આયોજીત સાર્વજનિક ગણેશ ઉત્સવ વર્ષ ૧૨૪ની ઉજવણી પ્રસંગે આજે નાગનાથ દેવસ્થાનનાં ટ્રસ્ટીઓ તેમજ રાધીકા હોસ્પિટલનાં ટ્રસ્ટી વર્શિલભાઈ ગાંધીનાં હસ્તે મહા આરતી કરવામાં આવી હતી. અને અમરેલી શહેરની ધર્મપ્રેમી જનતા બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી ગણપતિદાદાની આરતીનો લાભ લીધો હતો.

બાબરા ખાતે આરોગ્ય વિભાગ દ્વારા આયુષ્યમાન મેળો યોજાયો

તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. આર.એમ.જોષીનાં સીધા માર્ગદર્શન હેઠળ તેમજ લાયઝનીંગ અધિકારી ડો. એ.કે.સિંગનાં માર્ગદર્શન હેઠળ તેમજ ડો. એ.વાય.ટાંક તાલુકા હેલ્થ ઓફીસર બાબરા તેમજ ડો. વ્હોરા, અધિક્ષક સામુહિક આરોગ્ય કેન્દ્ર બાબરાનાં અયોજન મુજબ આજ રોજ તા.૨૧/૦૯/૨૦૨૩ને ગુરૂવારનાં રોજ અત્રેનાં સામુહિક આરોગ્ય કેન્દ્ર બાબરા ખાતે સવારે ૯ થી ૧ તથા બપોરે ૪ થી ૬ સુધી આયુષ્યમાન ભવ કાર્યક્રમ અંતર્ગત આયુષ્યમાન મેળાનું આયોજન કરેલ હોય. જેમાં સ્ત્રીરોગ નિષ્ણાંત બાળરોગ નિષ્ણાંત, દંતસર્જન, સ્કીન, સાયકીયાટ્રીક, ઓપ્થેલોમોલોજી, ઓર્થોપેડિક, જનરલ મેડિસિન, જનરલ સર્જરી, આયુર્વેદિક સહીતનાં ડોકટરોએ સેવા આપેલ છે. આ તકે મેડીકલ ઓફિસર પરાગ બુંધેલીયા, મહેશભાઈ બસિયા, પાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર, રાજકીય આગેવાનો મુકેશભાઈ ખોખરીયા, પ્રતાપભાઈ ખાચર, સુપરવાઈઝર ઓ.સી.એચ.ઓ. અને આરોગ્યનાં તમામ સ્ટાફ, આશા દ્વારા આ મેળાને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવેલ.

પાના ૮ ઉપરનું ચાલું

અમરેલી ખાતે ૨૪×૭ ગૃપ દ્વારા

પ્રથમ મુલાકાતમાં શુભેચ્છાના પ્રતિક તરીકે તેમના માટે બિસ્કીટસ લઈ જવા તેવું નકકી થયું. આ પ્રકારના સેવા પ્રોજેકટ ઘણાં શહેરોમાં ચાલતાં હોય છે, જયાં દર્દીઓ વચ્ચે ફ્રુટસ, લીલા નાળિયેર, બિસ્કીટસ કે કોઈ અન્ય સામગ્રીનું વિતરણ થતું હોય છે. ઘણી બધી જગ્યાઓએ તો સવાર–સાંજ દર્દીઓના સગાને ભોજન માટેની વ્યવસ્થા પણ ઘણી બધી સેવાકીય સંસ્થાઓએ ઉપાડી લીધી છે. એટલે અમે જે કંઈ કરવાનું નકકી કરેલ તેમાં નવું કશું જ નહોતું. દર્દીઓમાં આ વિતરણ સાથે અમે જે એક નવી બાબત ઉમેરી અને તેના કારણે ટીમના મેમ્બરોને જે અનુભવ થયો તે યાદગાર નીવડયો.

સિવિલ હોસ્પિટલ માટે બબ્બે લોકોની ૧૩ ટીમ બનાવી અને અન્ય ૪–૫ લોકોને ખાદ્ય સામગ્રીના વિતરણ માટેની ટીમમાં રાખ્યા. બધી જ બે બે લોકોની ટીમને એક ડાયરી આપી. અમે નકકી કરેલ તે મુજબ અમારી ટીમના મેમ્બરોએ દર્દીના ખાટલે જઈ તેના ખબર અંતર પુછવાના, તે કયાંથી આવે છે ? શું કામ કરે છે ? કેટલા દિવસથી દાખલ છે ? તેને કોઈ મુશ્કેલી છે ? વિગેરે વિગતો પુછવાની અને નોંધવાની. આ બધો સંવાદ દર્દીના આપણે નજીકના સગાં હોય તેવી લાગણી સાથે કરવાનો. દર્દી અને તેમના સગાંને આશ્વાસન અને હિંમત આપવાનો પ્રયાસ કરવાનો. દર્દીને કે તેના મુખ્ય સગાના કોન્ટેકટ નંબર લેવાનો અને અમારી ટીમના મેમ્બરે પોતાનો નંબર આપી કહેવાનું કે, "કોઈ મુશ્કેલી હોય તો અમને ફોન કરજો અમે તમારાં સગાં જ છીએ એમજ માનજો."

અમારાં પ્રથમ પ્રયોગમાં અમારાં ૩૦ મેમ્બરોએ બે–બેની ટીમ બનાવી લગભગ ૨૦૦ થી વધારે દર્દીઓને આ રીતે મળી તેમને આશ્વાસન આપ્યું અને તેમને બિસ્કીટનું વિતરણ કર્યુ. દરેક વોર્ડમાં ૧૦ થી ૨૫ વચ્ચે દર્દીઓ હતા. એટલે તેમની સાથે આ રીતે સંવાદ કરતાં અમારી વોર્ડ દીઠ બે–બે લોકોની ટીમને એકાદ કલાક લાગ્યો.

ત્યારબાદ બધા મેમ્બરો અગાઉ નકકી થયા મુજબ અમારાં રેડક્રોસ ભવનમાં એકઠા થયા. ત્યાં ચાયપે ચર્ચામાં બધા મેમ્બરોએ આ પ્રયોગથી તેમણે ખુબ ખુશી અનુભવી તેવું સ્વીકાર્યુ. કોઈપણ જાતની અપેક્ષા વગર કે ઓળખાણ વગર, બીજાના દુઃખ દર્દ શેર કરવાનો આ અનુભવ ઘણાં માટે નવો જ હતો. માત્ર ફળ/બિસ્કીટ કે અન્ય કોઈ વસ્તુનું વિતરણ કરીને આવતાં રહયા હોત તો આવો સંતોષ ના જ મળે તે બધાએ સ્વીકાર્યુ. ઘણીવાર આપણે પૈસા કે વસ્તુઓ આપી છુટી જતાં હોઈએ છીએ અને આપણે સત્કર્મ કર્યુ તેવો સંતોષ લેતાં હોઈએ છીએ પણ સમયનું દાન, અજાણ્યાં અને અપરિચિતોમાં લાગણીનું દાન આપણાં આંતર મનને વધુ સમૃધ્ધ કરે છે તેવો અનુભવ બધાને થયો.

જે જે સેવાકીય સંસ્થાઓ આ રીતે દર્દીઓમાં ફળો, ભોજનનું વિતરણ કરતી હોય છે તે આ પ્રયોગ કરવા પ્રેરાય તે અપેક્ષાએ અમારો આ અનુભવ શેર કર્યો છે.

મેં પોતે આઈસીયુ વોર્ડની મુલાકાત લીધેલી. તેમાં એક છોટા ઉદેપુરના બેન દાખલ થયેલ. તેમની સાથે તેમનો પતિ હતો. બન્ને ૨૦–૨૫ વર્ષની ઉંમરના હતા. દાખલ યુવાન મહિલા દર્દી વેન્ટીલેટર પર હતી. વિગતો જાણી તો બન્ને પતિ–પત્નિ છોટા ઉદેપુરથી વિસાવદર મજુરી કામ માટે જતાં હતાં ત્યાં રસ્તામાં તકલીફ થતાં અમરેલી સિવિલ હોસ્પિટલમાં દાખલ થયાં. દર્દીની સાથે તેના પતિ સિવાય કોઈ નહી. પત્નિની હાલત સીરીયસ હતી. કયાં અમરેલી અને કયાં છોટા ઉદેપુર ૧અજાણ્યો પ્રદેશ અને અજાણી હોસ્પિટલ અને પત્નિની આવી ગંભીર હાલત–તેનાં પતિની માનસિક હાલત કેવી હશે તેની બધાએ ચર્ચા કરી.

હવે પછીની મુલાકાતમાં અમારી ટીમના મેમ્બરો જે દર્દીઓને મળ્યા હોય અને તેમના કે તેમનાં સગાં સંબંધીના કોન્ટેકટ નંબર લીધા હોય તેમની સાથે એક–બે દિવસે ફોનમાં વાત કરી ખબર અંતર પુછે તે ઉપક્રમ ઉમેરવાના છીએ. એટલું જ નહીં પણ દર્દી સાજા થઈ પોતાના ઘેર જતા રહે પછી પણ તેમની સાથે આવો ટેલીફોનીક સંપર્ક જાળવી રાખે જેથી કોઈ ઓળખાણ કે અપેક્ષા વગરનો ભાવાત્મક સંબંધ કાયમ બંધાયેલ રહે. તેમ અંતમાં જણાવેલ છે.

અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શિંગ મઠડી	૧૧૧૦	૧૧૭૫
૨	શિંગ મોટી	૧૦૦૦	૧૩૪૦
૩	શિંગદાણા	૧૪૯૦	૧૬૮૦
૪	તલ સફેદ	૧૫૦૦	૩૪૧૧
૫	તલ કાળા	૨૧૧૦	૩૩૯૧
૬	તલ કાશ્મીરી	૩૩૦૦	૩૫૬૦
૭	બાજરો	૩૬૧	૩૬૨
૮	જુવાર	૧૦૨૦	૧૦૨૦
૯	ઘંઉ ટુકડા	૪૫૦	૫૫૭
૧૦	ઘઉં લોકવન	૪૦૦	૫૫૪
૧૧	મગ	૮૦૦	૨૨૦૫
૧૨	અડદ	૧૩૨૫	૧૮૭૫
૧૩	ચણા	૯૬૦	૧૨૦૫
૧૪	ચણા દેશી	૧૧૪૬	૧૧૪૬
૧૫	કપાસ	૯૮૦	૧૫૮૨
૧૬	એરંડા	૧૧૦૦	૧૧૭૧
૧૭	મેથી	૧૦૨૫	૧૨૬૫
૧૮	સોયાબીન	૮૫૦	૯૨૧

કુંભાર સમાજનાં અગ્રણીની માંગ

અમરેલીનાં ચક્કરગઢ માર્ગ ઉપર ભગત ગોરા કુંભારની પ્રતિમાં લગાવો

શહેરમાં કુંભાર સમાજની વસ્તીની માંગ પુર્ણ કરો

અમરેલી, તા. ૨૧

અમરેલીમાં ચકકરગઢ રોડ પર કોઈપણ સર્કલ પાસે કુંભાર સમાજનાં પૂજય ગણાતા ગોરા કુંભારની પ્રતિમાં સ્થાપિત કરવા માટે કુંભાર સમાજનાં આગેવાનો દ્વારા માંગણી કરવામાં આવી છે.

આ અંગે અમરેલીનાં અગ્રણી વેપારી એન કુંભાર સમાજનાં આગેવાન વિજયભાઈ ધંધુકીયાએ જણાવ્યું કે, અમરેલી શહેરમાં પાલિકા દ્વારા જુદા જુદા સમાજનાં આગેવાનો અથવા પુજય વ્યકિતઓની પ્રતિમાએ જુદા જુદા સ્થળોએ મુકવામાં આવેલી છો. અમરેલી શહેરમાં કુંભાર સમાજની વસતી પણ મોટા પ્રમાણમાં છે અને ગોરા કુંભાર મહાન સંત છે. જેની સમાજનાં તમામ લોકો દ્વારા પુજા કરવામાં આવે છે. પાલિકા દ્વારા કુંભાર સમાજની લાગણી અને માંગણીને માન આપીને અમરેલીમાં ચકકગઢ રોડ પર કોઈપણ સ્થળે ગોરા કુંભારની પ્રતિમા સ્થાપિત કરવા માટે માંગણી કરવામાં આવી છે.

એટ્રોસીટી એકટ સહિતની ફરિયાદ નોંધાઈ

અમરેલીની મેડિકલ કોલેજનાં દરવાજા સામે લઘુશંકા બાબતે બઘડાટી

૬૦ વર્ષનાં વૃધ્ધને થપ્પડ ઝીંકી દીધી

અમરેલી, તા. ૨૧

અમરેલીનાં બહારપરામાં રહેતા કાંતીભાઈ પીઠાભાઈ ચાવડા નામનાં ૬૦ વર્ષિય વૃધ્ધે ગત તા. ૧૯નાં રોજ આરોપી સુજીત ધાધલ નામનાં ઈસમને મેડિકલ કોલેજનાં ગેઈટ સામે લઘુશંકા કરવાની ના પાડતા તેમને સારૂ નહી લાગતા વૃધ્ધને ગાલ ઉપર, કાના પાસે એક થપ્પડ મારી પાટુ મારી જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરતાં આ અંગે વૃધ્ધે સીટી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

પાના ૮ ઉપરનું ચાલું

કુંકાવાવનાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે

આયોજનનું ઉદઘાટન કર્યુ હતું. જયારે તાલુકા કક્ષાનાં કેમ્પમાં માત્ર ફોટોસેશન કરીને સરકારી કાર્યક્રમ યોજવાને કર્મચારી અને આગેવાનોએ આનંદ મેળવ્યો હતો. આમ સરકારી કાર્યક્રમમાં બે–ચાર આગેવાનોને બાદ કરતા કોઈ સામાજિક સંસ્થા કે વેપારીઓ, જાગૃત નાગરિકોને આમંત્રણ આપવામાં ઉદાસીનતા દાખવતા લોકોમાં જાગૃતિ વધે અને રકતદાનમાં લોકો વધારે પ્રમાણમાં ભાગ લે તે માટે સરકાર આયોજન કરતી હોય. પણ કયારેક અધિકારી/કર્મચારીની અણઆવતથી આવા લોક ઉપયોગી કાર્યક્રમોને નિષ્ફળતા મળતી હોય તે આ કેમ્પમાં જોવા મળી હતી.

બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ શંકર	૧૩૭૮	૧૬૨૨
૨	મગ	૧૬૨૦	૨૦૦૦
૩	અડદ	૧૬૪૦	૧૯૦૦
૪	ઘઉં	૪૪૩	૫૩૭
૫	ચણા	૯૧૨	૧૧૫૮

સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શીંગ મોટી	૧૨૫૧	૧૪૫૧
૨	તલ સફેદ	૩૦૫૦	૩૩૨૦
૩	તલ કાળા	૨૯૦૦	૩૨૬૧
૪	કપાસ	૧૪૦૦	૧૫૯૦
૫	કપાસ નવો	૧૧૦૦	૧૪૭૦
૬	ઘઉં લોકવન	૪૮૫	૫૪૦
૭	ઘઉં ટુકડા	૫૦૫	૫૮૫
૮	બાજરો	૩૩૦	૪૨૩
૯	જુવાર	૬૨૦	૯૬૧
૧૦	ચણા	૧૦૫૧	૧૨૦૯
૧૧	એરંડી	–	૧૧૫૨
૧૨	રાય	૧૦૯૧	–
૧૩	ધાણા	૯૧૧	૯૫૨

પિરે તરીકત હઝરત સૈયદ દાદાબાપુ કાદરી ફાતમીની સલાહ મુજબ

રાજકોટ ખાતે સિપાઈ સમાજ ટ્રસ્ટ દ્વારા સમસ્ત મુસ્લિમ સમાજ માટે જીવનસાથી પરિચય સમારોહ યોજાશે

દિવ્યાંગ, વિધવા, વિધૂર લગ્ન ઈચ્છુકો જોડાઈ શકશે

રાજકોટ, તા.૨૧

સિપાઈ સમાજ ટ્રસ્ટ ગુજરાત દ્વારા અગાઉનાં સાત જીવનસાથી પરિચય સમારોહની ભવ્ય સફળતા બાદ મુસ્લિમ સમાજની લાગણીને માન આપી ફરી એકવાર આગામી તા.૧/૧૦/૨૦૨૩ રવિવારનાં રોજ રાજકોટમાં સમગ્ર મુસ્લિમ સમાજના દિવ્યાંગ, વિધવા, વિધુર તથા તલ્લાકસુદા યુવક યુવતીઓ માટેનો જીવનસાથી પરિચય સમારોહ યોજાશે.

જીવનસાથી પરિચય સમારોહમાં અગાઉથી ઉમેદવારી નોંધાવવાની રહેશે. માટે ફોર્મ ભરવાનું રહેશે તથા ફી/ડીપોઝીટ ભરવાની રહેશે.

જીવનસાથી પરિચય સમારોહનું ફોર્મ સિપાઈ સમાજ ટ્રસ્ટની વેબસાઈટ www.sipisamajtrust.org પર જઈ ડાઉનલોડ વિભાગમાં જઈ લીંગલ પેઈજમાં ડાઉનલોડ કરવાનું રહેશે. આ ઉપરાંત સંસ્થાનાં મેમ્બર પાસેથી વોટાસાએપમાં મંગાવીને પણ પ્રિન્ટ કાઢી ભરી શકાશે બાકીની જરૂરી બધી જ માહિતી ફોર્મમાં આપવામાં આવેલ છે.

જીવનસાથી પરિચય સમારોહની માહિતી માટે તથા ફોર્મ ભરવા માટે મુખ્યત્વે આસીફભાઈ સિપાઈ–૮૪૬૦૬૭૮૬૯૨ ઉપરાંત અમરેલી શહેરમાં અબ્દુલભાઈ કુરેશી ૯૪૨૬૮ ૫૨૭૨૦ આર.કે.પરમાર, લીલીયા મોટામાં રફિકભાઈ બેલીમ, રફિકભાઈ જે.પઠાણ, વડિયામાં મહિરભાઈ સુમરા, બાબરામાં ઈમરાનખાન પઠાણ, સાવરકુંડલામાં અયુબભાઈ ચૌહાણ, રાજુલામાં શબ્બીરભાઈ સોરા, દામનગરમાં અસલમભાઈ મોગલનો સંપર્ક કરવો.

પાના ૮ ઉપરનું ચાલું

દેવકા ગામે વન્યપ્રાણીનો શિકાર

હાલ દેવકા ગામ (મુળ બિહાર) વાળાને રાજુલા તાલુકાના દેવકા ગામેથી નદી વિસ્તારમાં આરોપીઓએ એક સંપ કરી વન્ય પ્રાણી કાચબાઓના શિકારનો પ્રયત્ન કરવા તમામ આરોપીઓને ઝડપી પાડેલ હતા.

આરોપીઓ પાસેથી આ ગુન્હા કામ પેટે કુલ રકમ રૂા. ૧૦૦૦૦૦ દંડ પેટે વસુલ કરી હાલમા જામીન પર મુકત કરવામાં આવેલ છે. કામગીરીમાં વાય.એમ. રાઠોડ રેન્જ ફોરેસ્ટ ઓફીસર વન્યજીવ રેન્જ રાજુલા, એ.એલ. વાવડીયા રાઉન્ડ ફોરેસ્ટર રાજુલા, આઈ.વી. ગોહિલ વનપાલ સુચિત કર્યુ ડીમ–૧, જે.પી. ચૌહાણ વનરક્ષક રાજુલા–૧ બીટ, એચ.આર. બારૈયા વનરક્ષક બર્બટાણા બીટ તથા બાબુભાઈ વણજર ટ્રેકર્સ બાબરીયાધાર વિગેરેએ કામગીરી બજાવી હતી.

પાના ૧ ઉપરનું ચાલું

અમરેલી જિલ્લામાં અનેક વિસ્તારોમાં દે ધનાધન

વડીયામાં ૧૧ મી.મી., અમરેલીમાં ૫ મી.મી., બગસરામાં ૪ મી.મી. તથા લીલીયામાં ૩મી.મી. વરસાદ નોંધાયો હતો.

ખાંભા

ખાંભા શહેરમાં ગાજવીજ સાથે મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થઈ હતી.

લાંબા સમયના વિરામ બાદ મેઘરાજાની એન્ટ્રી થતાં સૌ કોઈ ખૂશીથી ઝૂમી ઉઠયા હતા. દાઢીયાળી, સરાકડીયા, રાયડી, પાટી સહિતના ગ્રામ્ય વિસ્તારોમા વરસાદી માહોલ જોવા મળ્યો હતો. દોઢ ઈંચ વરસાદ પડવાના પગલે ખાંભાના રોડ રસ્તા ઉપર પાણી ફરી વળ્યા હતા સાથે સુકાતી મોલાતને જીવત દાન મળતા લાંબાં સમયના વિરામ બાદ મેઘ મહેર થતા ધરતીપુત્ર ખુશખુશાલ જોવા મળ્યા હતા.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

અવસાન નોંધ

ચલાલા : અમરેલી જિલ્લા ખરીદ વેંચાણ સંઘનાં ચેરમેન જયંતીભાઈ મોહનભાઈ પાનસુરીયાનાં જમાઈ તેમજ ચલાલાનાં ડો. અશ્વિનભાઈ પાનસુરીયાનાં બનેવી વિમલકુમાર કેશવલાલ ગોંડલીયા(ઉ.વ.૪૩)નું તા. ૨૦/૯/૨૦૨૩ બુધવારનાં અમદાવાદ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણુ તા. ૨૩/૯/૨૦૨૩ શનિવારનાં સવારનાં ૮ કલાકથી સાંજના ૬ કલાક સુધી અંબાધામ મંદિરે સ્ટેશન રોડ ચલાલા રાખેલ છે.

ચલાલા : મર્હુમા આતેકાબેન શરફઅલીભાઈ(ઉ.વ.૭૯) તે ફખરુદ્દીનભાઈ(રાજુલા) અલફીયાબેન ઈસુફભાઈ(મહુવાનાં મમ્મી) તા. ૨૧/૯/૨૩ ને ગુરૂવારનાં રોજ વફાત થયેલ છે. તેમનાં જીયારતનાં સીયારા તા. ૨૩/૯/૨૩ને શનિવારનાં રોજ મસ્જિદે મોહમ્મદીમાં ચલાલા મુકામે ૧૧:૩૦ કલાકે રાખેલ છે.

બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૧૫૦	૧૫૦૦
૨	ચણા	૯૦૩	૧૧૪૪
૩	અડદ	૧૪૦૦	૧૭૭૫
૪	સોયાબીન	૮૦૦	૯૧૪
૫	ચોળા	૨૦૦૦	૨૦૦૦
૬	ઘઉં લોકવન	૪૭૯	૫૧૦
૭	મકાઈ	૫૩૫	૫૩૫
૮	મગફળી	૧૩૧૧	૧૪૫૧
૯	બાજરો	૩૮૫	૩૮૫
૧૦	ધાણા	૮૬૫	૧૨૧૫
૧૧	તલ સફેદ	૩૧૬૧	૩૨૧૨
૧૨	લસણ	૧૦૦૦	૧૮૧૧
૧૩	મગ	૧૪૧૫	૧૪૧૫
૧૪	શીંગદાણા	૧૭૫૫	૧૭૫૫

જાહેર નોટિસ

ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના ગામ રાણપરમાં આવેલ નીચે જણાવેલ સર્વે નંબરોની ખેડવાણ ખેતીની જમીન આસામીઓના પોતાના સ્વતંત્ર નામે રાણપર ગામના રેવેન્યુ રેકોર્ડ ઇ–ધરા ખેડ ખાતાથી ચાલે છે. તેઓની પાસેથી સદરહું ખેતીની જમીન મારા અસીલ ખરીદ કરવા માંગે છે.

ક્રમ	ખાતા નં.	નામ	સર્વે નં.	હે.આરે. ચો.મી.
૧	૫૬૨	જયાબેન હરીભાઈ ઠુંમર	૩૬૪	૧–૦૧–૬૭
૨	૪૬૩	લાલજીભાઈ કેશવભાઈ લીંબાસીયા	૩૬૫	૧–૦૧–૫૭

સબબ ઉપરોકત વિગત વર્ણન વાળી ખાતાની ખેડવાણ ખેતીની જમીન સબંધે તેના વેચાણ સબંધે કે તેના કબજા સબંધે કે કોઈપણ વ્યકિત, પેઢી, ફાયનાન્સર, સહકારી મંડળી, બેન્કો કે એસાઈનીઓ કે વારસદારો વિગેરે કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લાગભાગ, વારસાઈ હકક, ભરણપોષણ, ભાયોભાગ, હકક, લેણું, બોજો, ગીરો, લિયન કે કોઈપણ જાતની જવાબદારી કે હકક કે અધિકાર સદર હું મિલકતનો વેચાણ કરાર (સાટાખત), મુખત્યારનામું સદરહું મિલકત ઉપર દરદાવો, મનાઈહુકમ, લાગભાગ, કબજા હકક કે કોઈ અન્ય હકકો જો હોય તો આ નોટિસ પ્રસિદ્ધ થયેથી દિવસ–૦૭ (સાત)માં લેખિત આધાર પુરાવા સાથે નીચેના સરનામે જાણ કરવી મુદત વીત્યે આ ઉપરોકત મિલકત પરત્વે કોઈનો કોઈપણ જાતનો હકક, હિત, હિસ્સો, નથી અને હોય તો તે જતો (વેઈવ–WAIVE) કરેલ છે. તેમ માની મારા અસીલ સદર હું ઉપરોકત વિગતની ચારેય ખાતાની ખેતીની જમીનનો ચૂકતે અવેજ ચૂકવી જમીન ખરીદ કરવા અંગેની આગળની કાર્યવાહી પૂરી કરશે અને ઉપરોકત ચારેય સર્વે નંબરોની ખેતીની જમીનનો પ્રત્યક્ષ કબજો સંભાળી લેશે ત્યારબાદ કોઈના કોઈપણ જાતના વાંધા કે તકરાર અમારા અસીલના હકક, હિત, હિસ્સાને, બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા વળગતાઓએ તથા જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

જસદણ તારીખ ૨૧/૦૯/૨૦૨૩ અમારા મારફત

ઓફિસ : એફ ૪, મહાદેવ કોમ્પ્લેક્ષ,
મામલતદાર કચેરી સામે, ચોટીલા
રોડ, જસદણ, જી. રાજકોટ.

તે અમારા અસીલની સુચનાથી

માલવિકા પી. ભટ્ટ
એડવોકેટ – જસદણ
મો. ૯૦૯૪૯૦૯૮૯૦

રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શીંગ	૮૯૧	૧૨૦૧
૨	તલ સફેદ	૨૨૫૦	૩૩૫૦
૩	તલ કાળા	૨૩૦૧	૩૦૧૧
૪	કપાસ	૧૦૦૧	૧૫૮૬
૫	બાજરો	૩૮૧	૪૧૪
૬	ઘઉં ટુકડા	૪૫૦	૫૮૧
૭	જુવાર	૧૦૪૧	૧૧૦૦
૮	મગ	૧૭૦૦	૧૭૦૦
૯	તુવેર	૧૮૦૦	૨૧૦૧
૧૦	ચણા	૯૨૫	૧૧૭૩
૧૧	સુવા	૧૭૦૦	૧૭૦૦
૧૨	શીંગદાણા	૧૮૦૦	૧૮૦૦
૧૩	સોયાબીન	૯૦૦	૯૦૦

દામનગર ખાતે પાલિકાનાં નવા સુકાનીઓએ કાર્યભાર સંભાળ્યો

શ્રી
ડાયાબાપા
નારોલા
માર્ગ

દામનગર નગરપાલિકા પ્રમુખ ચાંદનીબેન નારોલાનાં અઢી વર્ષનાં શાસનમાં તથા અટલ પાર્ક અને દામનગરથી ઢસા રોડનું નામ ડાયા બાપા માર્ગ રાખવામાં આવ્યું. આ ઉદ્‌ઘાટનમાં મુખ્ય મહેમાન વિધાનસભા નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયા તથા નગરપાલિકાનાં સદસ્યો દામનગરનાં આગેવાનો,શહેર ભાજપ પ્રમુખ ધીરૂભાઈ નારોલા, મહામંત્રી સતીષભાઈ ગૌસ્વામી બાપુ, તુષારભાઈ પાઠક, પ્રિતેશભાઈ નારોલા અને ઉપપ્રમુખ શહેર દામનગર, ભરતભાઈ ભાસ્કર, ધ્રુવભાઈ, કિશોરભાઈ ભટ્ટ, અમરશીભાઈ નારોલા તેમજ નગરપાલિકાનાં પ્રમુખ ચાંદનીબેન નારોલા અઢી વર્ષના શાસનનાં કાર્યકાળ દરમિયાન ચૂંટાયેલા તમામ સદસ્યોને સાથે રાખી નગરપાલિકા હસ્તકની વિવિધ ગ્રાન્ટો માંથી વિકાસનાં કામો મંજુર તેમજ પૂર્ણ કરવામાં આવેલ. જેમાં રકમ રૂ.૬૮૪.૬૮ લાખનાં લોકાર્પણ અને રકમ રૂ.૪૯૯.૦૪ લાખના કામોનું ખાતમુર્હુત નુ ભવ્ય કાર્યક્રમ રાખવામાં આવેલ છે તેમજ અઢી વર્ષનું શાસન પૂર્ણ કરેલ પ્રમુખ ઉપપ્રમુખ અને કારોબારી ચેરમેનનો વિદાય સમારોહ અને દામનગર નગરપાલિકા નવા પ્રમુખ ગોબરભાઈ નારોલાનાં હસ્તે ઉપપ્રમુખ અને કારોબારી ચેરમેનનું કૌશિકભાઈ વેકરીયા અધ્યક્ષ સ્થાને અને તેમનાં હાથે નવા પ્રમુખ ગોબરભાઈ નારોલાનું સ્વાગત કરેલ છે. તેમજ પટેલ સમાજનાં આગેવાન અને પટેલ વાડીનાં સ્થાપક ડાયાબાપા નારોલા માર્ગનું લોકાર્પણ એમનાં કુટુંબની હાજરીમાં કરેલ.

સા.કુંડલા ખાતે ભાજપ દ્વારા રકતદાન મહાદાનનાં સેવાકાર્યનો સંકલ્પ

સાવરકુંડલા, તા. ૨૧

સાવરકુંડલા કે.કે. હોસ્પિટલ ખાતે ભાજપાનાં સેવા પખવાડિયા તથા સરકારનાં આયુષ્યમાન ભવઃ કાર્યક્રમ અંતર્ગત સાવરકુંડલા શહેર યુવા ભાજપ, તાલુકા આરોગ્ય વિભાગનાં સંયુકત ઉપક્રમે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્યનો દીપ પ્રાગટય કરી પ્રારંભ કરાવ્યો. આ સાથે રકતદાતાઓ સાથે સંવાદ સાધી તેમની સેવા પ્રવૃત્તિમાં ઉત્સાહરૂપી અમૃતનું સિંચન કર્યુ.આ સેવા કાર્યક્રમમાં ભાજપનાં હોદ્દેદારો, કાર્યકર્તા અને રકતદાતા ઉપસ્થિત રહ્યા હતા.

સાવરકુંડલામાં વિદ્યાર્થીઓએ કલાસરૂમમાં ગણપતિ સ્થાપના કરી

સાવરકુંડલા, તા. ૨૧

સાવરકુંડલામાં બાળકોએ પોતાના વર્ગમાં ગણેશજીની સ્થાપના કરી. દરરોજ સવારે આસ્થા અને શ્રદ્ધાથી ગણેશજીની પૂજા અર્ચના આ બાળકો કરે છે. આ સનરાઈઝ પ્રાથમિક વિભાગ અને સનરાઈઝ માધ્યમિક વિભાગનાં વર્ગોનાં બાળકોમાં મુસ્લિમ સહિત અન્ય તમામ ધર્મના બાળકો એક સાથે મળી દરરોજ સવારે ગણપતિજીની આરતી કરે છે. મુસ્લિમ બાળકો પણ પોતાનાં ઘરેથી પ્રસાદ બનાવીને લાવે છે. નાની ઉંમરનાં બાળકોમાં એકદમ નિર્મળતા જોવા મળશે. કોઈ પણ પ્રત્યે કોમી ભેદભાવનું ઝેર જોવા મળતું નથી. જીવન પર્યંત જો આવો જ એકબીજાનાં ધર્મ અને એકબીજાનાં તહેવારો પ્રત્યે સદ્‌ભાવ બની રહે તો સાચા અર્થમાં ગાંધીજીનું જે સ્વપ્ન હતું તે હિન્દુસ્તાન બની રહે.

ધારાસભ્ય કસવાલાની રજુઆત બાદ

સાવરકુંડલાની સરકારી દવાખાનામાં તબીબોની નિમણુંક થઈ

દર્દીનારાયણમાં રાહતનો માહોલ

સાવરકુંડલા,તા.૨૧

સાવરકુંડલામાં રોગી કલ્યાણ સમિતિની મળેલ બેઠકમાં અમરેલી જિલ્લા ચેમ્બર ઓફ કોમર્સના મહામંત્રી અને રોગી કલ્યાણ સમિતિના સદસ્ય રાજુભાઈ શીંગાળા એ કે.કે.હોસ્પિટલ માં ડો.સ્ટાફની નિમણૂક કરવા બાબતે રજુઆત કરી જે રજુઆતને લોક લાડીલા ધારા સભ્ય મહેશભાઈ કસવાળા એ ઉચ્ચ કક્ષાએ ધ્યાન દોરતાની સાથે જ થોડા જ દિવસોમાં ગાયનેક ડો.કિરણબેન આહીર, (સ્ત્રી રોગ નિષ્ણાંત) અને એનેસ્થેસ્ટિક, ડો.સંધ્યા પટેલ, જતીન રાજયગુરૂ (બાળ રોગ નિષ્ણાંત) જેવા સ્પેશ્યલિસ્ટ ડો.ની સાવરકુંડલા કે.કે.મહેતા સરકારી હોસ્પિટલમાં નિમણુંક કરવામાં આવી.

શિવસાંઈગૃપ દ્વારા

ચલાલા ખાતે સમુહ લગ્નનું સુંદર આયોજન કરાયું

વહેલા તે પહેલાના ધોરણે ફોર્મ ભરાશે

ચલાલા, તા.૨૧

શ્રી દાનમહારાજની પાવન ભુમી ચલાલાને આંગણે શિવસાઈ ગૃપ દ્વારા ૩૮ માં સર્વજ્ઞાતિય સમુહ લગ્નનું આયોજન ટુક સમયમાં રાખેલ છે.સમુહ લગ્નમાં જોડાવા માટે સરકારના નિયમ અનુસાર દિકરા–દિકરીની ઉંમર પુરી હોવાનાં જન્મ તારીખ દાખલા–રેશનકાર્ડ, આધારકાર્ડ, ચુંટણી કાર્ડ, વર, કન્યાઓનાં બે–બે ફોટાઓ લઈને ચલાલા રૂબરૂ આવવાનું રહેશે. શિવસાંઈ ગૃપ દ્વારા દર વર્ષે વર્ષમાં બે વાર સમુહ લગ્ન આયોજન થાય છે. સમુહ લગ્ન કરવાનો મુખ્ય ધ્યેય ગરીબ પરિવારની દરેક દિકરીઓને કરીયાવરમાં વધુને વધુ ઘર ઉપયોગી વસ્તુઓ મળે. શિવસાંઈ ગૃપ દ્વારા સતત–૧૪ વર્ષથી ભુખ્યાને ભોજન તથા શિક્ષણક્ષેત્રે જરૂરીયાત મંદ વિદ્યાર્થીઓને કિટબેગ ચોપડા વિતરણ કરવામાં આવે છે.

વિધવા બહેનોને કિટ કરીયાણાની તથા સાડી વિતરણ થઈ રહેલ છે. ૩૮ માં સમુહ લગ્નમાં જોડાવા માટે આજે જ સંપર્ક કરવા વિનંતી મો.૯૪૦૮૨ ૭૮૮૫૩, ૯૦૬૭૧ ૦૨૦૪૪ માં સંપર્ક કરી શકશો એમ પત્રકાર પ્રકાશભાઈ કારીયા, વિપુલભાઈ કારિયાની યાદીમાં જણાવેલ છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

સુપ્રસિદ્ધ પત્રકાર વિજયભાઈ જોટવાને બેસ્ટ જર્નાલિસ્ટનો એવોર્ડ

તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના.

ઉના, તા.૨૧

હાલ તાજેતરમાં ધોરાજીમાં સારંગ સંગીત કલાવૃંદ અને સંગીત વિશારદ દિવ્યરાજ સિંહ જાડેજા દ્વારા યોજાયેલ કાર્યક્રમમાં અનેક સંગીત સાધકોની હાજરીમાં ગુજરાતના તમામ સાધુસંતો તેમજ તમામ કલાકારોના ડી.ડી. ભારતીના માધ્યમ થી ઈન્ટરવ્યૂ કરનાર વિજય ભાઈ જોટવાને તાજેતરમાં ધોરાજી ખાતે એક વિશેષ સંગીતના ક્રાયક્રમમાં બેસ્ટ પત્રકારનો એવોર્ડ આપી નવજવામાં આવ્યા હતા આ કાર્યક્રમમાં ધોરાજીના પીએસઆઈ રાખોલીયા, જેન્તીભાઈ ઝાપડિયા, પાલુભાઈ ગઢવી વગેરે ખાસ મહેમાનોની ઉપસ્થિતિ હતી.

તદુપરાંત વિજયભાઈ જોટવા સોશિયલ મીડિયામાં સૌથી વધારે સબસ્ક્રાઈબર અને ફોલોવર્સ ધરાવનાર ગુજરાતના પહેલા પત્રકાર છે કે જેઓ એ અત્યાર સુધીમાં સાધુ સંતો અને કલાકારોના ૩૦૦ થી વધારે ઈન્ટરવ્યૂ કરી ચુકયા છે તેમનો 'સુરીલો સંવાદ'કાર્યક્રમ અને 'તીરથ દર્શન' ગુજરાતમાં ખુબ જ સુપ્રસિદ્ધ બન્યા છે.

બગોયાનાં શિક્ષકની અન્યત્ર બદલી થતાં સન્માન સાથે વિદાય

સાવરકુંડલા, તા. ૨૧

સાવરકુંડલા તાલુકાનાં બગોયા ગામની પ્રાથમિક શાળામાં છેલ્લા ૨૦ વર્ષથી શિક્ષક તરીકે સેવા આપી સમગ્ર બગોયા ગામનાં લોકોમાં પોતાનું આગવું સ્થાન બનાવી બે દાયકા સુધી શિક્ષક તરીકે ફરજ બજાવી બગોયા ગામનું શિક્ષણ સ્તર સુધારવા માટે મહવનું કાર્ય કરી ગામનાં વિદ્યાર્થીઓ તેમજ વાલીઓનું દિલ જીતી સમગ્ર ગ્રામજનોમાં અલગ છબી ઉભી કરનાર પરેશભાઈનું અન્ય જગ્યાએ બદલી થતા બગોયા ગામનાં સંધિ મુસ્લિમ સમાજ દ્વારા શિક્ષક પરેશભાઈની વિદાય વેળાએ સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો.

જેમાં શિક્ષક પરેશભાઈનું બગોયા સંધિ સમાજનાં પ્રમુખ જનાબ ઈશાકભાઈ જાખરાએ સન્માન કરી વિદાય આપી હતી.

આ વિદાય સમારોહમાં સમગ્ર બગોયા ગ્રામજનો, વિદ્યાર્થીઓ, વાલીઓ તેમજ સંધિ મુસ્લિમ સમાજનાં અગ્રણીઓ હાજરી આપી હતી. એમ રજાકભાઈ ઝાખરાની એક યાદીમાં જણાવાયું હતું.

ગુજરાતમાં વરસાદ અંગે મહત્ત્વના સમાચાર

કચ્છ અને દ્વારકા જિલ્લામાં મધ્યમ વરસાદની આગાહી

અમદાવાદ, તા.૨૧

ગુજરાતમાં વરસાદ અંગે હવામાન વિભાગ દ્વારા મહત્ત્વની આગાહી કરવામાં આવી છે. છેલ્લાં કેટલાંક દિવસોથી વરસાદે જે વિરામ લીધો હતો તેના પછી ફરી એકવાર મેઘરાજાએ એન્ટ્રી પાડી છે. ફરી એકવાર મેઘરાજાએ ધુઆંધાર બેટિંગ શરૂ કરી દીધી છે. રાજ્યમાં વરસી રહેલાં વરસાદને કારણે જળાશયો પણ છલકાઈ રહ્યાં છે.

જોકે, હવામાન વિભાગની આગાહીને કારણે એલર્ટ રહેવાની પણ જરૂર છે. હવામાન વિભાગે આગામી ૨૪ કલાકમાં રાજ્યમાં વરસાદની તીવ્રતા ઘટશે તેવી જાહેરાત કરી છે. જ્યારે કચ્છ અને દ્વારકા જિલ્લામાં મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.હવામાન વિભાગની મોટી આગાહી સામે આવી છે. જેમાં ગુજરાતના બે જિલ્લાઓમાં ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. ઉલ્લેખનીય છેકે, અત્યાર સુધી રાજ્યમાં સારો એવો વરસાદ થઈ ચુક્યો છે. આંકડાઓની વાત કરીએ તો અત્યાર સુધીમાં રાજ્યમાં રાજ્યમાં વરસી રહેલા વરસાદને કારણે રાજયના મહત્વની ૨૦૭ જળ પરિયોજનાઓમાં ૯૩.૪૪ ટકા જેટલો જળસંગ્રહ થયો છે.

જેમાં રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં કુલ જળસંગ્રહ શક્તિના ૯૯.૭૩ ટકા જેટલો જળસંગ્રહ થયો છે. જ્યારે ૫૪ જળાશયો એવા છે કે જેમાં ૧૦૦ ટકાથી વધુ જળસંગ્રહ થયો છે.

બીજી તરફ, ૯૦ જળાશયોમાં ૭૦ ટકાથી ૧૦૦ ટકા જળસંગ્રહ, ૨૯ જળાશયોમાં ૫૦ ટકાથી ૭૦ ટકા જળસંગ્રહ, ૨૩ જળાશયોમાં ૨૫ ટકાથી ૫૦ ટકા જળસંગ્રહ, ૧૦ જળાશયોમાં ૨૫ ટકા કરતાં ઓછો જળસંગ્રહ થયો છે. તેમાં ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયો, મધ્ય ગુજરાતના ૧૭ જળાશયો, દક્ષિણ ગુજરાતના ૧૩, કચ્છના ૨૦ અને સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોનો સમાવેશ થાય છે.

ઉત્તર ગુજરાતની વાત કરવામાં આવે તો, મહેસાણાનો ધરોઈ ડેમ ૯૩.૫૦% ભરાયો છે. આ ડેમમાં ૫૫૦૦ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે.

અમરેલી ખાતે ઔદિચ્ય મહારાજ ઘેલારામજી બ્રાહ્મણ જ્ઞાતિ મંડળ દ્વારા ત્રિવિધ કાર્યક્રમ યોજાયો

ઔદિચ્ય મહારાજ ઘેલારામજી બ્રાહ્મણ જ્ઞાતિ મંડળ અમરેલી
સ્નેહ મીલન

ઔદિચ્ય મહારાજ ઘેલારામજી બ્રાહ્મણ જ્ઞાતિ મંડળનું વાર્ષિક સ્નેહ મીલન, તેજસ્વી તારલાઓનાં સન્માન, નવિ કારોબારીની રચના તથા સમૂહ ભોજનનો એક કાર્યક્રમ હોટલ એન્જલનાં એ.સી.હોલમાં દબદબાભેર યોજાઈ ગયો. કાર્યક્રમમાં સૌપ્રથમ દિપપ્રાગ્ટય, દિવંગત આત્માઓને શ્રદ્ધાંજલી બે મીનીટ મૌન, પ્રાર્થના તથા સંજયભાઈ જાની દ્વારા સૌ જ્ઞાતિજનોને શબ્દપુષ્પથી આવકાર આપી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. ત્યારબાદ જ્ઞાતિનાં ધોરણ ૧ થી ૧૨ તથા ગ્રેજયુએટ, અને માસ્ટર ડીગ્રી પ્રાપ્ત કરેલ તમામ વિદ્યાર્થીઓને પુષ્પગુચ્છ અને શુભેચ્છાભેટ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા, સન્માન કાર્યક્રમ અંગે વિદ્યાર્થીઓ વાલીઓનાં પ્રતિભાવ બાદ જ્ઞાતિનાં વડીલોનાં પ્રવચનો થયા, ત્યારબાદ નવી ટર્મ માટે જ્ઞાતિની નવી કારોબારીની રચના સર્વાનુમતે કરવામાં આવી જેમાં હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. પ્રમુખ સુનીલભાઈ જી. રાજયગુરૂ, મહામંત્રી હિરેનભાઈ કે. જોષી, ખજાનચી જયભાઈ ડી. રાજયગુરૂ, કારોબારી સભ્ય કૌશિકભાઈ એચ. જોષી, કારોબારી સભ્ય આશિષભાઈ એ. જોષી, કારોબારી સભ્ય રવિભાઈ જે. જોષી, કારોબારી સભ્ય હરિઓમભાઈ એન. જોષી, કારોબારી સભ્ય હાર્દિકભાઈ એમ. વ્યાસ. કાર્યક્રમનું સફળ સંચાલન કુમારી હીમાબેન જે. જોષી દ્વારા તથા આભારવિધી સુનિલભાઈ રાજયગુરૂ દ્વારા કરવામાં આવી. કાર્યક્રમનાં અંતે સૌ જ્ઞાતિજનોએ સમુહમાં સાથે મીષ્ટભોજન લઈ કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

ભાજપ અગ્રણી ડો. કાનાબાર દ્વારા સમાજ સેવાલક્ષી વધુ એક ઉમદા કાર્ય

અમરેલી ખાતે ૨૪ x ૭ ગૃપ દ્વારા નવતર અભિયાન શરૂ

સૌપ્રથમ સિવિલ હોસ્પિટલની મુલાકાત લઈને ગૃપનાં સદસ્યોએ દર્દીનારાયણની સેવાનું કાર્ય કર્યુ

દર્દીનારાયણને રૂબરૂ મળીને ખબર-અંતર પુછીને જરૂરી આશ્વાસન અને હિંમત આપવાનો પ્રયાસ

૩૦ સદસ્યોએ ૨–૨ વ્યકિતથી ટીમની રચના કરીને ૨૦૦થી વધારે દર્દીઓની મુલાકાત લીધી

દર્દીનારાયણ તંદુરસ્ત બની ઘરે જતાં રહે પછી પણ સંપર્ક કરવાનો નિર્ણય થયો

અમરેલી, તા. ૨૧

અમરેલીનાં ભાજપ અગ્રણી ડો. ભરત કાનાબાર હંમેશા ગરીબો, નિરાધારો માટે કંઈક સેવાકાર્ય કરતાં આવ્યા છે અને હવે તેઓએ ૨૪×૭ ગૃપની રચના કરીને નવતર અભિયાન શરૂ કરેલ છે.

તેઓએ જણાવેલ છે કે, રક્ષાબંધનના દિવસે અમરેલી શહેરમાં સમાજ માટે કંઈક કરવાની ભાવના ધરાવતાં મિત્રો સાથે મળીને ૨૪ × ૭ ગ્રુપની રચના કરી. પ્રારંભિક પ્રોજેકટ તરીકે દર અઠવાડીએ – રવિવારે સિવિલ હોસ્પિટલના દર્દીઓની મુલાકાત લેવી તેવું નકકી કર્યુ.

અનુસંધાન પાના ૬ ઉપર

અવનવા સરકારી કાર્યક્રમોથી નાગરિકો પણ કંટાળી ગયા

લ્યો બોલો : કુંકાવાવનાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે યોજાયેલ રકતદાન કેમ્પમાં નાગરિકોની ગેરહાજરી

આમ આદમી રોજબરોજનાં સંઘર્ષમાં વ્યસ્ત હોય કયાંય જઈ શકતો નથી

તસ્વીર : રાજુ યાદવ–કુંકાવાવ

કુંકાવાવ, તા. ૨૧

કુંકાવાવ આયુષ્યમાન ભવઃ અભિયાન અંતર્ગત જુદા–જુદા વિસ્તારમાં રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવે છે. તેના ભાગરૂપે તાલુકા હેલ્થ કચેરી તથા સામૂહિક આરોગ્ય કેન્દ્ર કુંકાવાવ ધ્વારા આજે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં માત્ર સરકાર કર્મચારી અને ભાજપનાં ગણ્યા ગાંઠયા આગેવાનોની હાજરીમાં ઘરમેળે યોજાયો હતો. જયારે રકતદાન કેમ્પમાં વધુમાં વધુ લોકો રતદાન કરે તે માટે જરૂરી પ્રચાર પ્રસાર કરવામાં આ બન્ને કચેરીએ બેદરકારી દાખવતા રકતદાન જેવા મહા યજ્ઞમાં લોકોને જોડવાને બદલે પોતાની રીતે કાર્યક્રમનાં

અનુસંધાન પાના ૬ ઉપર

વન વિભાગ દ્વારા પ્રસંશનીય કામગીરી

રાજુલા : દેવકા ગામે વન્યપ્રાણીનો શિકાર કરે તે પહેલા જ શિકારી ઝડપાયા

પાંચ આરોપીઓને દંડનાત્મક સજા કરવામાં આવી

અમરેલી, તા. ૨૧

નાયબ વન સંરક્ષક શેત્રુંજી વન્યજીવ વિભાગ પાલીતાણાના માર્ગદર્શન હેઠળ, મદદનીશ વન સંરક્ષકની સુચના હેઠળ અને રેન્જ ફોરેસ્ટ ઓફીસર વન્યજીવ રેન્જ રાજુલાના વાય.એમ. રાઠોડના સીધા માર્ગદર્શન નીચે વન્યપ્રાણી શિકારની પ્રવૃતિને સદંતર રીતે ડામવાના ભાગરૂપે ગત તા.૨૦ના રોજ રાજુલા રેન્જના સ્ટાફ દ્વારા આરોપી સબીર ખલીલ શેખ, મહમદ નવાસ નવસાદ, મહમદ હુસેન અબ્દુલ કુદ્દુસ, સંજર નુર શેખ તથા અલીમુદીન મુસ્લીમ રહે. તમામ

અનુસંધાન પાના ૬ ઉપર

લાખ-લાખ અભિનંદન સહ શુભેચ્છા...
શ્રી સુનીલભાઈ જી. રાજયગુરૂ
પ્રમુખ
મહામંત્રી : શ્રી હિરેનભાઈ કે. જોષી
ખજાનચી : શ્રી જયભાઈ ડી. રાજયગુરૂ
કારોબારી સભ્ય : શ્રી કૌશિકભાઈ એચ. જોષી
કારોબારી સભ્ય : શ્રી આશિષભાઈ એ. જોષી
કારોબારી સભ્ય : શ્રી રવિભાઈ જે. જોષી
કારોબારી સભ્ય : શ્રી હરિઓમભાઈ એન. જોષી
કારોબારી સભ્ય : શ્રી હાર્દિકભાઈ એમ. વ્યાસ
અમરેલીનાં ઔદિચ્ય મહારાજશ્રી ઘેલારામજી બ્રાહ્મણ જ્ઞાતિ મંડળનાં નવનિયુકત હોદ્દેદારોને લાખ-લાખ અભિનંદન સહ શુભેચ્છાઓ...
: શુભેચ્છક :
સમગ્ર ઔદિચ્ય મહારાજશ્રી ઘેલારામજી જ્ઞાતિ મંડળ
: અમરેલી :

થોડા દિવસોમાં માર્ગમાં પડયુ ગાબડુ



અમરેલી શહેરના હનુમાનપરા રોડે આવેલ ગરનાળાના રોડ પર મસમોટા ખાડાઓ હતાં, ખાડા હોવાથી બિસ્માર રસ્તે બાઈક–સ્કૂટર સ્લિપ થતાં રાહદારીઓ પડતાં હતાં, તેથી આખાય નાળામાં પંદર–વીસ દિવસ પહેલાં સિમેન્ટ કોન્ક્રીટ રોડ બનાવવામાં આવેલ, આ રોડ પર વસતાં હજારો લોકોને ખુશીની લાગણી થઈ પણ ખુશી જાણે લાંબુ ટકવાની ના હોય એમ ગરનાળામાં રોડ વચ્ચે ફૂટ એકનું ગાબડું જોવા મળ્યું ! માત્ર પંદર દિવસ પહેલાં બનાવેલ અને બનાવ્યા પછી આઠ–દસ દિવસ પાણી પાઈને પાકવા દીધેલ છતાં રોડ પર કાંકરા દેખાયા ! આ રોડ કોણે બનાવ્યો ? ગુણવત્તા ચકાસવાની જવાબદારી કોની ? હવે શું પગલાં લેવાશે ?

એક જ અટક ધરાવતાં લાગતા–વળગતાઓનાં નામ ચડાવી દેવાયા

સાવરકુંડલા માર્કેટયાર્ડની ચુંટણીને લઈને વેપારી વિભાગમાં બનાવટી નામો ચડાવાયાની ફરિયાદ

સમગ્ર પ્રકરણ હાઈકોર્ટ સુધી પહોંચતા નવા–જુનીનાં એંધાણ

સાવરકુંડલા, તા. ૨૧

સાવરકુંડલામાર્કેટયાર્ડ દિવસને દિવસે વિવાદોના ચક્કરમાં જોવા મળી રહ્યું છે તેવામાં તાજેતરમા સાવરકુંડલા માર્કેટયાર્ડની ચૂંટણી યોજાવાની હોય ત્યારે યાર્ડના હોદેદાર જેવી એકજ અટક ધરાવતા, તેમજ સગા સબંધીઓના નામ વેપારી વિભાગમાં બોગસ મતદારો દાખલ કરી સતાની ખુરશી બચાવવા ખેડૂતોની સંસ્થાને પોતાના પરિવારની પેઢી બનાવવા ૬૦ જેટલા બોગસ નામો વેપારી વિભાગની મતદાર યાદીમાં દાખલ કરેલ હોય જે અન્વયે ગુજરાત હાઈકોર્ટમાં અરજદાર ચીમનલાલ શેખડાએ દાદ માંગતા જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ અમરેલી, નિયામક ખેત બજાર ગ્રામ્ય અર્થતંત્ર ગાંધીનગર, ચૂંટણી અધિકારી માર્કેટ સાવરકુંડલા, અને માર્કેટયાર્ડના વહીવટકર્તાઓ સહિત કુલ ૬૬ લોકોને હાઈકોર્ટ તા.૨૫/૯/૨૦૨૩ના તેડું આવતા સમગ્ર પંથકમાં ખળભળાટ મચી જવા પામેલ છે ત્યારે આવનાર સમયમાં કુંડલાના સહકારી જગતમાં નવા જૂનીના એંધાણ પામી રહ્યા હોવાનું જણાય છે.

Since 1986
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
(જંગરવાળા)
સત્ય સૂરજ જેવું હોય છે
એ થોડીક વાર સંતાઇ તો શકે છે
પર એ રહે છે હંમેશા માટે...
લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)